RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 269* Date: 26.07.2024 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ પદના શપથ લીધા, મુખ્ય ન્યાયમૂર્તિ એન વી રમનાએ શપથ દેવડાવ્યા



નવીદિલ્હી,તા.૨૫-

દ્રૌપદી મુર્મૂએ આજે દેશના ૧૫માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તેઓ દેશના પહેલા આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એન વી રમનાએ તેમને શપથ લેવડાવ્યા. મુર્મૂ ઓડિશાના રહીશ છે. તેઓ અગાઉ ઝારખંડના રાજ્યપાલ પણ રહી ચૂક્યા છે.

થપથગ્રહણ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભા સભાપતિ એમ વેંકૈયા નાયડુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, મંત્રી પરિષદના સભ્યો, રાજ્યપાલ, મુખ્યમંત્રી, રાજનયિક મિશનના પ્રમુખ, સંસદ સભ્ય, સરકારના મુખ્ય અસૈન્ય અને સૈન્ય અધિકારીઓ સમારોહમાં સામેલ થયા હતાં સંસદના કેન્દ્રીય કક્ષમાં સમારોહના સમાપન બાદ રાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ ભવન માટે રવાના થયા હતાં અહીં તેમને એક ઈન્ટર સર્વિસ ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું

મુખ્ય ન્યાયમૂર્તિ એન વી રમનાએ દ્રૌપદી મુર્મૂને રાષ્ટ્રપતિ પદના શપથ લેવડાવ્યા. તેઓ ભારતના ૧૫માં રાષ્ટ્રપતિ બન્યા. તેઓ દેશના બીજા મહિલા રાષ્ટ્રપતિ છે, સર્વોચ્ચ બંધારણીય પદ સંભાળનારા તેઓ પહેલાં આદિવાસી મહિલા અને સ્વતંત્ર ભારતમાં પેદા થયેલા પહેલા રાષ્ટ્રપતિ છે.અત્રે જણાવવાનું કે રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીમાં મુર્મૂએ વિપક્ષના જોઈન્ટ ઉમેદવાર યશવંત સિન્હાને હરાવીને જીત મેળવી છે. તેઓ આઝાદી બાદ પેદા થનાર પહેલા અને ટોપ પર પહોંચનારા સૌથી યુવા વયના રાષ્ટ્રપતિ છે.દ્રૌપદી મુર્મૂ ૨૫ જુલાઈએ શપથ લેનારા ૧૦મા રાષ્ટ્રપતિ છે વર્ષ ૧૯૭૭થી રાષ્ટ્રપતિ ૨૫ જુલાઈના રોજ શપથ લેતા આવ્યા છે. દેશના પહેલા રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ શપથ લીધા હતા. સર્વપલ્લી રાધાકૃષ્ણને ૧૩મે ૧૯૬૨ના રોજ શપથ લીધા હતા. બે રાષ્ટ્રપતિ ઝાકિર હુસૈન અને ફખરુદ્દીન અલી અહેમદ પોતાનો કાર્યકાળ પૂરો કરી શક્યા નહીં. કારણ કે તેમનું કાર્યકાળ દરમિયાન નિધન થઈ ગયું. છઠ્ઠા રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડીએ ૨૫ જુલાઈ ૧૯૭૭ના રોજ શપથ લીધા. ત્યારથી ૨૫ જુલાઈએ જ્ઞાની જેલસિંહ, આર વેંકટરામન, શંકર દયાલ શર્મા, કે આર નારાયણન, એપીજે અબ્દુલ કલામ, પ્રતિભા પાટિલ, પ્રણવ મુખરજી, અને રામનાથ કોવિંદે આ તારીખે શપથ લીધા હતા. દ્રૌપદી મુર્મૂએ શપથ લીધા બાદ સંબોધન કરતા કહ્યું કે જોહાર...નમસ્કાર...હું ભારતના સમસ્ત નાગરિકોની આશા-આકાંક્ષા અને અધિકારોના પ્રતિક આ પવિત્ર સંસદથી તમામ દેશવાસીઓનું પૂરેપૂરી વિનમ્રતાથી અભિવાદન કરું છું. તમારી આત્મિયતા, વિશ્વાસ અને તમારો સહયોગ, મારા માટે આ નવી જવાબદારીને નિભાવવા માટે મારી ખુબ મોટી તાકાત હશે. દ્રૌપદી મુર્મૂએ શપથ લીધા બાદ સંબોધન કરતા કહ્યું કે જોહાર...નમસ્કાર...હું ભારતના સમસ્ત નાગરિકોની આશા-આકાંક્ષા અને અધિકારોના પ્રતિક આ પવિત્ર સંસદથી તમામ દેશવાસીઓનું પૂરેપૂરી વિનમ્રતાથી અભિવાદન કરું છું. તમારી આત્મિયતા, વિશ્વાસ અને તમારો સહયોગ, મારા માટે આ નવી જવાબદારીને નિભાવવા માટે મારી ખુબ મોટી તાકાત હશે. તેમણે કહ્યું કે ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ માટે ચૂંટવા બદલ હું તમામ સાંસદો અને તમામ વિધાનસભા સભ્યોનો હાર્દિક આભાર માનું છું. તમારો મત દેશના કરોડો નાગરિકોના વિશ્વાસની અભિવ્યક્તિ છે. મારી રાષ્ટ્રપતિ તરીકે દેશે એક એવા મહત્વપૂર્ણ સમયમાં પસંદગી કરી છે જયારે આપણે આપણી આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. આજથી થોડા દિવસ બાદ દેશ પોતાની સ્વાધિનતાના ૭૫ વર્ષ પૂરા કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે મે મારી જીવનયાત્રા ઓડિશાના એક નાનકડા આદિવાસી ગામથી શરૂ કરી હતી. હું જે બેકગ્રાઉન્ડથી આવું છું ત્યાં મારા માટે પ્રાથમિક શિક્ષણ મેળવવું એ પણ એક સપના જેવું હતું. પરંતુ અનેક વિઘ્નો છતાં મારો સંકલ્પ દ્રઢ રહ્યો અને હું કોલેજ જનારી મારા ગામની પહેલી દીકરી બની. આ આપણા લોકતંત્રની જ શક્તિ છે કે તેમાં એક ગરીબ ઘરમાં પેદા થયેલી દીકરી, આંતરિયાળ આદિવાસી વિસ્તારમાં પેદા થયેલી દીકરી, ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચી શકે છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે મે મારી જીવનયાત્રા ઓડિશાના એક નાનકડા આદિવાસી ગામથી શરૂ કરી હતી. હું જે બેકગ્રાઉન્ડથી આવું છું ત્યાં મારા માટે પ્રાથમિક શિક્ષણ મેળવવું એ પણ એક સપના જેવું હતું. પરંતુ અનેક વિઘ્નો છતાં મારો સંકલ્પ દ્રઢ રહ્યો અને હું કોલેજ જનારી મારા ગામની પહેલી દીકરી બની. આ આપણા લોકતંત્રની જ શક્તિ છે કે તેમાં એક ગરીબ ઘરમાં પેદા થયેલી દીકરી, આંતરિયાળ આદિવાસી વિસ્તારમાં પેદા થયેલી દીકરી, ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચી શકે છે.

## શપથ ગ્રહણ સમારોહ દરમિયાન સંથાલી સાડી, હવાઈ ચપ્પલ...દ્રૌપદી મુર્મૂની સાદગી, સરળતા ઊડીને આંખે વળગી

નવીદિલ્હી,

ક્લાસના મોનિટરથી લઈને દેશના સર્વોચ્ચ પદ પર પહોંચનારા દ્રૌપદી મુર્મૂની સાદગી આજે શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ઉડીને આંખે વળગી. આજે જ્યારે તેઓ દેશના સર્વોચ્ચ બંધારણીય પદ માટે શપથ લેવા માટે સંસદ ભવન પહોંચ્યા તો તેમની સાદગી બધાને સ્પર્શી ગઈ. સંથાલી સાડી, સફેદ હવાઈ ચપ્પનમાં તેમણે સંસદના કેન્દ્રીય કક્ષમાં દેશના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. ઓડિશાના મયૂરભંજ જિલ્લાથી રાયસીના હિલ્સની સૌથી મોટી ઈમારતમાં ડગ ભરનારા દ્રૌપદી મુર્મૂની સરળતામાં કોઈ જ કમી નથી આવી.

દ્રૌપદી મુર્મૂએ સંથાલી સાડી પહેરીને આજે રાષ્ટ્રપતિ પદના શપથ લીધા હતાં . સંથાલી સાડીઓના એક છેડે કેટલીક ધારીઓનું કામ હોય છે અને સંથાલી સમુદાયની મહિલાઓ તેને ખાસ અવસરે પહેરે છે. સંથાલી સાડીઓમાં બંને છેડે એક સમાન ડિઝાઈન હોય છે. આ ખાસ અવસરે મુર્મૂએ પણ આ જ પ્રકારની સાડી પહેરી.

દેશના સર્વોચ્ચ પદ માટે શપથ લેનારા દ્રૌપદી મુર્મૂએ આ સમયે પણ સાદગી છોડી નહીં. સફેદ રંગની સાડી પર લીલા અને લાલ રંગની ધારીની ડિઝાઈન, સફેદ હવાઈ ચપ્પલ પહેરીને તેઓ સંસદના કેન્દ્રીય કક્ષમાં પહોંચ્યા. તેમને દેશના ચીફ જસ્ટિસ એનવી રમનાએ શપથ લેવડાવ્યા.

## સોનિયા ગાંધીની મંગળવારે ઈડી ફરી કરશે પૂછપરછ, કોંગ્રેસ દેશભરમાં પ્રદર્શન કરવા તૈયાર

નવી દિલ્હી,તા.૨૫

ઈડીએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને નેશનલ હેરાલ્ડ મામલાની તપાસમાં સામેલ થવા ૨૬ જુલાઈએ બોલાવ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની પૂછપરછના દિવસે એકવાર ફરી કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. મંગળવારે દિલ્હીમાં રાજઘાટ સહિત તમામ રાજ્યોની રાજધાનીમાં ગાંધી પ્રતિમાની નજીક કોંગ્રેસ કાર્યકર્તા ધરણા કરશે.

પહેલાની જેમ કોંગ્રેસ સાંસદ સંસદ ભવનમાં પ્રદર્શન કર્યા બાદ પાર્ટી મુખ્યાલય જશે અને ઈડી ઓફિસ સુધી માર્ચનો પ્રયાસ કરશે. ઈડીએ સોનિયા ગાંધીને નેશનલ હેરાલ્ડ મામલાની તપાસમાં સામેલ થવા માટે નવુ સમન્સ પાઠવ્યું હતું. જે અનુસાર તેમને ૨૪ જુલાઈની જગ્યાએ ૨૬ જુલાઈએ રજૂ થવાનું કહ્યું હતું.

આ પહેલા પાછલા ગુરૂવારે સોનિયા ગાંધીની ઈડીએ પૂછપરછ કરી હતી. આ પૂછપરછ લગભગ ત્રણ કલાક ચાલી હતી. તે દિવસે પણ કોંગ્રેસ તરફથી જોરદાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે ઈડીની કાર્યવાહીને રાજકીય બદલો ગણાવ્યો અને તેની નિંદા કરી હતી. કોંગ્રેસ કાર્યકર્તાઓએ પૂછપરછ વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ ઘણા કોંગ્રેસ નેતાઓને કસ્ટડીમાં લીધા હતા. હવે ૨૬ જુલાઈએ થનારી પૂછપરછ માટે કોંગ્રેસ પાર્ટીએ તમામ રાજ્ય એકમોને ૨૬ જુલાઈએ શાંતિપૂર્ણ સત્યાગ્રહ આયોજીત કરવાનું કહ્યું છે. તમામ સાંસદો, એઆઈસીસી મહાસચિવ અને વર્કિંગ કમિટીના સભ્યોને દિલ્હીમાં આયોજીત થનાર સત્યાગ્રહમાં ભાલ લેવાનું કહ્યું છે. આ મામલામાં ઈડી કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની ઘણા દિવસ સુધી પૂછપરછ કરી ચુકી છે. આ દરમિયાન પણ કોંગ્રેસે ખુબ હંગામો કર્યો હતો અને પોલીસે ઘણા વરિષ્ઠ નેતાઓને કસ્ટડીમાં લીધા હતા.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૬,૮૬૬ કેસ.૪૧ લોકોના મોત

નવીદિલ્હી

ભારતમાં કોવિડ-૧૯ કેસમાં ૧૬.૮%નો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૧૬,૮૬૬ નવા કેસ નોંધાયા છે. આ સમયગાળામાં આ વાયરસને કારણે ૪૧ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ના કુલ ૪૩,૯૦૫,૬૨૧ કેસ નોંધાયા છે. આ વાયરસના કારણે કુલ ૫૨૬,૦૭૪ લોકોના મોત થયા છે. જ્યારે ૪૩,૨૨૮,૬૭૦ લોકોએ આ વાયરસને માત આપી છે.

સરકારી ડેટા અનુસાર, હાલમાં દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસોની સંખ્યા ૧૫૦, ૮૭૭ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૮,૧૪૮ લોકો કોરોનાથી સાજા થયા છે. જ્યારે આ સમયગાળામાં ૧૬,૮૨,૩૯૦ રસી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૨,૦૨,૧૭,૬૬,૬૧૫ રસી આપવામાં આવી છે.

દિલ્હીમાં કોરોના વાયરસના ૭૨૯ નવા દર્દીઓ મળી આવ્યા છે અને બે સંક્રમિતોના મૃત્યુ થયાની પુષ્ટિ થઈ છે. ચેપ દર ૫.૫૭ ટકા પર પહોંચી ગયો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં સતત ત્રીજા દિવસે કોવિડના ૭૦૦ થી વધુ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગના બુલેટિન મુજબ, રાષ્ટ્રીય રાજધાનીમાં કોવિડના કુલ કેસ વધીને ૧૯,૪૮,૪૯૨ થઈ ગયા છે જ્યારે મૃત્યુઆંક વધીને ૨૬,૩૦૧ થઈ ગયો છે. બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય રાજધાનીમાં ચેપની સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા વધીને ૨૬૯૬ થઈ ગઈ છે. ૧૮૪૬ લોકોએ ઘરમાં પોતાનું અલગ નિવાસ પૂર્ણ કર્યું છે.દિલ્હીમાં એક દિવસ પહેલા, ૧૩,૦૯૭ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. શનિવારે, ૭૩૮ કેસ મળી આવ્યા હતા અને એક દર્દીનું મૃત્યુ થયું હતું અને ચેપ દર ૫.૦૪ ટકા હતો. પરંતુ શુક્રવારે ચેપ દર ૪.૪૭ ટકા હતો અને ૭૧૨ કેસ મળી આવ્યા હતા.

રવિવારે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ચેપના ૨,૦૧૫ નવા કેસ જોવા મળ્યા અને ચેપને કારણે વધુ છ દર્દીઓના મોત થયા. એક અધિકારીએ આ જાણકારી આપી. તેમણે કહ્યું કે આ નવા કેસ સાથે અત્યાર સુધીમાં સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૮૦,૩૪,૨૬૧ થઈ ગઈ છે, જ્યારે મૃતકોની કુલ સંખ્યા વધીને ૧,૪૮,૦૬૨ થઈ ગઈ છે.

## બજાર લાલ નિશાન સાથે ખુલ્યા અને આખો દિવસ ટ્રેડિંગ બાદ લાલ નિશાન પર જ બંધ થયા

મુંબઈ,તા.૨૫

ભારતીય શેર બજારમાં આજે હડકંપ મચી ગયો. સવારે બજાર લાલ નિશાન સાથે ખુલ્યા અને આખો દિવસ ટ્રેડિંગ બાદ લાલ નિશાન પર જ બંધ થયા. આજે ટ્રેડિંગ બંધ થયું ત્યારે મુંબઈ સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક સેન્સેક્સ ૩૦૬.૦૧ અંકના ઘટાડા સાથે ૫૫,૭૬૬.૨૨ અંક પર બંધ થયો જયારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકઆંક નિફ્ટી ૧૦૮.૮૫ અંકના ઘટાડા સાથે ૧૬,૬૧૦.૬૦ અંક પર બંધ થયો.

નિફ્ટીમાં ટોપ ગેઈનર્સમાં ટાટા સ્ટીલ, ઈન્ડસઈન્ડ બેંક, કોઈલ ઈન્ડિયા, એપોલો હોસ્પિટલ, હિન્દાલ્કોના શેર જોવા મળ્યા જયારે સેન્સેક્સમાં ટાટાસ્ટીલ, ઈન્ડસઈન્ડ બેંક, એશિયન પેઈન્ટ્સ, એચસીએલ ટેક, વિપ્રોના શેર રહ્યા.

નિફ્ટીમાં ટોપ લૂઝર્સમાં એમએન્ડએમ, રિલાયન્સ, મારુતિ સુઝૂકી, ઓએનજીસી, આઈશર મોટર્સના શેર રહ્યા.

## નીતિન ગડકરીએ વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને વાતાવરણ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી

નવીદિલ્હી,તા.૨૫

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ક્યારેક રાજકારણથી દૂર જવાનું પણ વિચારે છે. તેણે પોતે શનિવારે આ વાત કહી. એક કાર્યક્રમ દરમિયાન તેમણે વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને વાતાવરણ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આજના રાજકારણીઓએ શિક્ષણ, કલા જેવી બાબતોના વિકાસ માટે કામ કરવું જોઈએ. ગડકરીએ કહ્યું કે તેમના પોસ્ટરો લગાવવામાં આવે તે તેમને પસંદ નથી.

સામાજિક કાર્યકર ગિરીશ ગાંધીના સન્માન સમારોહમાં પહોંચેલા ગડકરીએ કહ્યું, 'આપણે સમજવું પડશે કે રાજકારણનો અર્થ શું છે. સમાજ, દેશના કલ્યાણ માટે છે કે સરકારમાં રહેવું?' તેમણે કહ્યું, 'રાજનીતિ મહાત્મા ગાંધીના સમયથી સામાજિક ચળવળનો એક ભાગ રહી છે, પરંતુ બાદમાં તેનું ધ્યાન રાષ્ટ્ર અને વિકાસના લક્ષ્ય તરફ વળ્યું.'

''આજે આપણે જે જોઈ રહ્યા છીએ તે ૧૦૦ ટકા માત્ર સત્તામાં રહેવા વિશે છે. રાજકારણ એ સામાજિક અને આર્થિક સુધારાનું સાચું માધ્યમ છે અને તેથી આજના રાજકારણીઓએ સમાજમાં શિક્ષણ, કળા વગેરેના વિકાસ માટે કામ કરવું જોઈએ.'ગિરીશ ગાંધી વિશે તેમણે કહ્યું કે, 'ગિરીશભાઈ જ્યારે રાજકારણમાં હતા ત્યારે હું તેમને નિરાશ કરતો હતો, કારણ કે હું પણ ક્યારેક રાજકારણ છોડવાનું વિચારી લેતો હતો. રાજનીતિ સિવાય પણ જીવનમાં ઘણી બાબતો છે. ગિરીશ ભૂતપૂર્વ એમએલસી છે, જે અગાઉ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ હતા, પરંતુ ૨૦૧૪માં પાર્ટીથી દૂર થઈ ગયા હતા.આ દરમિયાન ગડકરીએ સમાજવાદી નેતા જ્યોર્જ ફર્નાન્ડિસની પણ પ્રશંસા કરી હતી. ''મેં તેમની પાસેથી ઘણું શીખ્યું છે, કારણ કે, તેમણે ક્યારેય સત્તાની પરવા કરી નથી. તેણે પ્રેરણાત્મક જીવન જીવ્યું છેપ જ્યારે લોકો મારા માટે મોટા ગુલદસ્તો લાવે છે અથવા મારા પોસ્ટર લગાવે છે ત્યારે હું તેને ધિક્કારું છું.'

## રિઝર્વ બેંકનું ફોરેક્સ રિઝર્વ ૨૦ મહિનાના સૌથી નીચલા સ્તરે આવી ગયું




### ગયા સપ્તાહે વિદેશી મુદ્રા ભંડાર ૫૮૦.૨૫ બિલિયન હતું

મુંબઈ,તા.૨૫

ડોલર સામે રૂપિયો સતત ધોવાઈ રહ્યો છે, આ અઠવાડિયે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂપિયો ૭૯.૮૬ પર બંધ થયો હતો. ટ્રેડિંગ દરમિયાન, તે ઘણા સત્રોમાં ૮૦ ના સ્તરને પાર કરી ગયો અને એક દિવસ તે તેનાથી આગળ પણ બંધ થયો. રિઝર્વ બેંકે રૂપિયાને સંભાળવાનો પૂરો પ્રયાસ કર્યો, જેના કારણે તેના વિદેશી મુદ્રા ભંડારને અસર થઈ છે. ૧૫ જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી મુદ્રા ભંડારમાં ઈં૭.૫૪ બિલિયનનો ઘટાડો થયો હતો અને તે ઘટીને ઈં૫૭૨.૭૧ બિલિયન થઈ ગયો હતો. આ ઘટાડા સાથે રિઝર્વ બેંકનું ફોરેક્સ રિઝર્વ ૨૦ મહિનાના સૌથી નીચલા સ્તરે આવી ગયું છે. ગયા સપ્તાહે વિદેશી મુદ્રા ભંડાર ૫૮૦.૨૫ બિલિયન હતું.ઓક્ટોબર ૨૦૨૧માં દેશનો વિદેશી હૂંડિયામણ ભંડાર ઈં૬૪૨ બિલિયનના રેકોર્ડ સ્તરે હતો. તેની સરખામણીમાં તેમાં ૭૦ બિલિયનનો ઘટાડો થયો છે. ફેબ્રુઆરીના અંતમાં યુક્રેન પર રશિયાના હુમલા બાદ તેમાં ૩૦ બિલિયનનો ઘટાડો થયો છે. રૂપિયાના પ્રદર્શનની વાત કરીએ તો આ વર્ષે તેમાં ૭ ટકાથી વધુનો ઘટાડો થયો છે. વર્ષની શરૂઆતમાં તે ૭૪ના સ્તરે હતો જે ૮૦ના સ્તરે સરકી ગયો છે.ગયા અઠવાડિયે અમેરિકી ડોલર સામે રૂપિયામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. આવું પહેલીવાર બન્યું જ્યારે એક ડોલરની કિંમત ૮૦ રૂપિયાની આસપાસ પહોંચી ગઈ. રૂપિયાને નબળો પડતો બચાવવા માટે, રિઝર્વ બેંકે ઓપન માર્કેટ ઓપરેશનનો આશરો લીધો અને બજારમાં ઘણા બધા ડોલર ઠાલવવામાં આવ્યા. દરમિયાનગીરીને કારણે સ્ટોક ઘટવા માટે બંધાયેલો હતો.અગાઉ ૮ જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર વિદેશી મુદ્રા ભંડાર ૮.૦૬૨ બિલિયન ઘટીને ઈં૫૮૦.૨૫૨ બિલિયન થઈ ગયો હતો. આ જ મહિનામાં ૧ જુલાઈના રોજ વિદેશી હૂંડિયામણના ભંડારમાં ઈં૫.૦૦૮ બિલિયનનો ઘટાડો થયો હતો. તે સમયે તેનો વિદેશી મુદ્રા ભંડાર ૫૮૮.૩૧૪ બિલિયન હતો. ૮મી જુલાઈએ પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો થવાનું કારણ વિદેશી ચલણની અસ્કયામતોમાં ઘટાડો છે, જે કુલ અનામતનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. આ સિવાય સોનાના ભંડારમાં ઘટાડો થવાને કારણે વિદેશી મુદ્રા ભંડારમાં પણ ઘટાડો થયો છે.સાપ્તાહિક ડેટા અનુસાર, રિપોર્ટિંગ સપ્તાહમાં ફોરેન કરન્સી એસેટ ૬.૫૨૭ બિલિયન ઘટીને ૫૧૧.૫૬૨ બિલિયન થઈ છે. વિદેશી મુદ્રા ભંડારમાં રાખવામાં આવેલ વિદેશી ચલણ અસ્કયામતો, ડૉલરમાં વ્યક્ત કરવામાં આવે છે, જેમાં યુરો, પાઉન્ડ અને યેન જેવી બિન-યુએસ કરન્સીમાં પ્રશંસા અથવા અવમૂલ્યનની અસરોનો સમાવેશ થાય છે.ડેટા અનુસાર, સોનાના ભંડારનું મૂલ્ય પણ સમીક્ષા હેઠળના સપ્તાહમાં ૮૩ મિલિયન ઘટીને ૩૮.૩૫૬ અબજ થયું છે. સમીક્ષા હેઠળના સપ્તાહમાં, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથે સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ૧૫૫ મિલિયન ઘટીને ૧૭૮૫૭ બિલિયન થઈ ગયા છે.

## દેવાળુ ફૂંકવાના આરે પાકિસ્તાન, હવે સરકારી સંપત્તિ બીજા દેશોને વેચશે

ઈસ્લામાબાદ, તા.૨૫

દેવાળુ ફૂંકવાના આરે પહોંચી ચુકેલા પાકિસ્તાનની સરકારે હવે એક એવા બિલને મંજૂરી આપી છે જેની હેઠળ હવે સરકારી સંપત્તિ પણ બીજા દેશોને વેચી શકાશે. સરકારે આર્થિક રીતે કંગાળ પાકિસ્તાનની ઈકોનોમીને સપોર્ટ કરવા માટે આ નિર્ણય લીધો છે.પાકિસ્તાનની કેબિનેટે તેને મંજૂરી આપી દીધી છે.જોકે રાષ્ટ્રપતિએ તેના પર સહી કરી નથી.આ નિર્ણય લેવા પાછળનુ કારણ તેલ અને ગેસ કંપનીઓમાં યુએઈ હિસ્સેદારી કરી શકે તેમજ સરકારી વીજળી કંપનીને યુએઈને બે થી અઢી અબજ ડોલરમાં વેચી શકાય તે છે.જેથી દેવાળુ ફૂંકવાના ખતરાને ટાળી શકાય.કારણકે યુએઈએ મે મહિનામાં પાકિસ્તાનની બેંકોમાં રોકડ જમા કરવાનો ઈનકાર કરી દીધો હતો.કારણકે પાકિસ્તાન દેવુ ચુકવી શકે તેવી સ્થિતિમાં નથી.

## તંત્રી સ્થાનેથી...

# મુર્મૂનું રાષ્ટ્રપતિ બનવું એ રાજકારણમાં માત્ર સંયોગ નથી

ભારતમાં સાડા આઠ ટકાથી થોડી વધુ વસ્તી આદિવાસી છે. ભારતમાં લોકસભાની કુલ બેઠકોમાંથી ૪૭ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. ભીલ અને ગોંડ પછી આદિવાસીઓની સૌથી વધુ વસ્તી સંથાલ જાતિની છે. મિઝોરમ, નાગાલેન્ડ, મેઘાલય, અરુણાચલ પ્રદેશમાં રાજ્યની વસ્તીમાં તેમનો હિસ્સો ૪૦ ટકાથી વધુ છે. જ્યારે મણિપુર, સિક્કિમ, ત્રિપુરા અને છત્તીસગઢમાં આદિવાસી વસ્તી ૩૦ ટકા છે અને મધ્યપ્રદેશ, ઝારખંડ અને ઓડિશામાં તેમની વસ્તી ૨૦ ટકાથી વધુ છે. આ કારણોસર એવું માનવામાં આવે છે કે દ્રૌપદી મુર્મૂનું રાષ્ટ્રપતિ બનવું એ ભારતીય રાજકારણમાં માત્ર સંયોગ નથી. ભારતને આઝાદીનાં ૭૫ વર્ષ બાદ દ્રૌપદી મુર્મૂના રૂપમાં પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ મળ્યાં છે. તેઓ સંથાલ સમુદાયમાંથી આવે છે. આદિવાસીઓ વસ્તીના હિસાબે આઠ-નવ ટકા ભલે હોય, પરંતુ ઐતિહાસિક રીતે જોઈએ તો તેમણે સ્વતંત્રતા સંગ્રામથી લઈને આજપર્યંત રાજનીતિમાં સક્રિય ભાગીદારી નોંધાવી છે. જેમ કે ઉદયપુરના રાજાની સેનામાં ભીલ આદિવાસી એક મહત્વપૂર્ણ હિસ્સો હતા. અંગ્રેજ શાસન સામે અવાજ ઉઠાવનારા સૌપ્રથમ આદિવાસી હતા. ૧૮૫૭ની લડાઈનાં લગભગ ૮૦ વર્ષ પહેલાં તેમણે અંગ્રેજો સામે ધનુષ બાણથી બળવો કર્યો હતો. તિલકા માંઝી પણ સંથાલ આદિવાસી હતા. આઝાદી પછી આદિવાસીઓએ પોતાના માટે અલગ રાજ્યની માંગ કરી હતી.

અનુસૂચિત જનજાતિ બેઠકોની જીત-હારના આ આંકડાઓમાં છુપાયેલી છે ભાજપના ગેઈમ પ્લાનની સંપૂર્ણ માહિતી. ૨૦૧૪ની સરખામણીમાં ૨૦૧૯માં જે ભાજપની જીતના આંકડામાં વધારો થયો હતો તેમાં અડધા સાંસદો દલિત અને આદિવાસી સમુદાયના છે. નરેન્દ્ર મોદી સત્તામાં આવ્યા અને ભાજપનું સુકાન સંભાળ્યા પછી પહેલાં તેઓએ ઓબીસી મતોને એકીકૃત કરવાનો પ્રયાસ કર્યો. પછી દલિતોને સાથે લાવીને બસપાની વોટ બૅંક તોડી નાખી. હવે આદિવાસી વૉટ બૅંકનો વારો છે. આગામી દિવસોમાં ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ચૂંટણી છે. ત્યાં કૉંગ્રેસ આદિવાસી વિસ્તારોમાં અત્યાર સુધી સારો દેખાવ કરતી આવી છે. જેમ કે ગુજરાતમાં ૨૭માંથી ૧૫ બેઠકો કૉંગ્રેસ પાસે છે, રાજસ્થાનમાં ૨૫માંથી ૧૩ બેઠકો અને છત્તીસગઢમાં ૨૯માંથી ૨૭ બેઠકો કૉંગ્રેસ પાસે છે. આ બેઠકો પર ભાજપની નજર છે. ભાજપ દ્રૌપદી મુર્મૂ દ્વારા આદિવાસી વોટ બૅંકને આકર્ષવાનો પ્રયાસ કરી રહી છે એવી વાતમાં લોકોની સંકુચિત માનસિકતા પ્રતિબિંબિત થાય છે. નબળા વર્ગની વ્યક્તિ તેની યોગ્યતાના આધારે દેશના ટોચના પદ સુધી પહોંચે તો પણ આવા આક્ષેપો કરવામાં આવે છે. જ્યારે તેઓ રાજ્યપાલ હતાં, જ્યારે તેઓ રાજ્યમાં મંત્રી હતાં, ત્યારે આ વાત નહોતી થઈ. જ્યારે તેઓ ઓડિસામાં શ્રેષ્ઠ ધારાસભ્ય બન્યાં ત્યારે આવું કેમ નહોતું કહેવામાં આવ્યું. વડા પ્રધાન તરીકે અટલ બિહારી વાજપેયીના કાર્યકાળમાં ઝારખંડ અલગ રાજ્ય બન્યું. કેન્દ્રમાં ભાજપે એક અલગ આદિવાસી મંત્રાલય બનાવ્યું. બિરસા મુંડાના જન્મદિવસને વિશ્વ આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઊજવવાનો નિર્ણય ભાજપે લીધો. ભાજપનો વિચાર પરિવાર, સંઘ પરિવાર છે. સંઘ પરિવારે ઘણા સમય પહેલાં આદિવાસી વિસ્તારોમાં કામ કરવા વનવાસી કલ્યાણ આશ્રમની સ્થાપના કરી હતી. ભારતના લોકો મૂળ નિવાસી આદિવાસી છે.

# ચીને ઑસ્ટ્રેલિયા સામેની નાકાબંધી વધુ તીવ્ર કરી, ન્યુક્લિયર રોબોટ' કિલર સબમરીનનો નાશ કરશે

### દુનિયા પર રાજ કરવાનું સપનું જોતું ચીન હવે જાપાન અને તાઈવાન પછી ઑસ્ટ્રેલિયા સામે પણ મોરચો માંડવા જઈ રહ્યું છે



બીજીંગ,તા.૨૫

દુનિયા પર રાજ કરવાનું સપનું જોતું ચીન હવે જાપાન અને તાઈવાન બાદ ઓસ્ટ્રેલિયા સામે પણ મોરચો માંડવા જઈ રહ્યો છે. ચીને દાવો કર્યો છે કે તે લાંબા અંતરના પરમાણુ રોબોટને ડિઝાઈન કરવામાં સફળ રહ્યો છે. આ 'પરમાણુ રોબોટ્સ' એટલે કે ટોર્પિડો ન્યુક્લિયર પાવર પર ચાલશે અને કોઈને પકડ્યા વિના એક અઠવાડિયામાં ઓસ્ટ્રેલિયા પર હુમલો કરી શકે છે. ચીને દાવો કર્યો હતો કે આ ટોર્પિડો ખૂબ જ નાના ન્યૂક્લિયર રિએક્ટરમાંથી ચાલશે, જેના કારણે તે આ હથિયારને નાનું રાખવામાં સફળ રહ્યું છે.ચીનના વિજ્ઞાનીઓના મતે આમાં રસપ્રદ વાત એ છે કે આ ન્યુક્લિયર રિએક્ટરનો ઉપયોગ કર્યા બાદ તેની જાતે જ નાશ પામે છે. ચીને આ ટોર્પિડો માટે મોટી યોજના બનાવી છે. ચીન ખૂબ જ ઓછી કિંમતના 'કિલર રોબોટ્સ'નો કાફલો બનાવી રહ્યું છે જેને લશ્કરી જહાજ અથવા સબમરીનની અંદર લઈ જઈ શકાય છે અને તેને ટોર્પિડો ટ્યુબની અંદર મૂકી શકાય છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, જ્યારે આ સબમરીન તેમના દેશના પાણીની અંદર હોય ત્યારે ચીન આ ટોર્પિડોનો ઉપયોગ કરી શકે છે.દુશ્મન દેશના પાણીમાં યુદ્ધ જહાજ અથવા ફાઈટર જેટથી હુમલો કરવો ખૂબ મુશ્કેલ છે. ચીન હવે એક સપ્તાહની અંદર પ્રશાંત મહાસાગરની અંદર ટોર્પિડોની સમગ્ર સેના પર હુમલો કરી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચીનના વૈજ્ઞાનિકોએ આ હથિયારની ડિઝાઈનનું કામ પૂર્ણ કર્યું છે અને હવે તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. ચીનના વૈજ્ઞાનિક ગુઓ જિયાને કહ્યું કે આ ટેક્નોલોજી ખૂબ સસ્તી અને ઉપયોગમાં સરળ હશે. આ સાથે આ હથિયાર મોટા પાયે બનાવવામાં આવશે.ચીનના વૈજ્ઞાનિકે કહ્યું કે આ પરમાણુ ટોર્પિડોનો ઉપયોગ પરમાણુ સબમરીન પર હુમલો કરવા જેવા પરંપરાગત હથિયારોમાં થઈ શકે છે. તે જ સમયે, વિશ્વના અન્ય વૈજ્ઞાનિકોએ તેની તુલના રશિયાની સુપર પાવરફુલ પોસાઈડન સિસ્ટમ સાથે કરી છે.

# પશુઓમા જોવા મળેલ લમ્પી સ્કીન ડીસીઝ સંદર્ભે રાજય સરકાર સતર્ક

### રાજયના ૧૪ જિલ્લાના ૮૮૦ ગામોમાં લમ્પી સ્કીન ડીસીઝનાં અસરગ્રસ્ત તમામ ૩૭,૧૨૧ પશુઓને સારવાર પૂરી પડાઈ: કૃષિ અને પશુપાલન વિભાગના મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજી ભાઈ પટેલે જણાવ્યું છે કે રાજયમાં પશુઓમાં લંમ્પી સ્કીન ડિસિઝ રોગના લક્ષણો જણાતા તે જ દિવસથી રાજ્ય સરકારે સતર્કતા દાખવીને પશુપાલન વિભાગના અધિકારીઓને સતત મોનિટરિંગ કરી યોગ્ય વ્યવસ્થાઓ ગોઠવવા સૂચનાઓ આપી હતી અને પશુઓને સત્વરે સારવાર મળી રહે તે માટે વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી.

કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી એ ઉમેર્યું કે,રાજયમાં આ રોગનો જ્યારથી પ્રથમ કેસ દેખાયો ત્યારથી જ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ઉચ્ચસ્તરીય બેઠક બોલાવીને આ રોગના નિયંત્રણ માટે યોગ્ય વ્યવસ્થાઓ ગોઠવવા માટે જણાવાયું હતું જેના પરિણામે આ રોગને વધુ ફેલાતો રોકવામા સફળતા મળી છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં સર્વે સહિત સારવાર અને રસીકરણની કામગીરી યુધ્ધના ધોરણે હાલ ચાલી રહી છે

મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે ઉમેર્યું કે, લમ્પી સ્કીન ડીસીઝ રાજયના કુલ ૧૪ જિલ્લાઓ ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના (૧) કચ્છ (૨) જામનગર (૩) દેવભુમિ દ્વારકા (૪) રાજકોટ (૫) પોરબંદર (૬) મોરબી (૭) સુરેન્દ્રનગર (૮) અમરેલી (૯) ભાવનગર (૧૦) બોટાદ (૧૧) જુનાગઢ (૧૨) ગીર સોમનાથ સહિત (૧૩) બનાસકાંઠા અને (૧૪) સુરતમાં ગાય-ભેંસ વર્ગના પશુઓમાં જોવા મળ્યો છે.

લમ્પી સ્કીન ડીસીઝ એ એક વાયરસ જન્ય રોગ છે જેનો ફેલાવો મચ્છર, માખી,જૂ, ઈતરડી વગેરે દ્વારા તથા સીધો સંપર્ક, દુષિત ખોરાક અને પાણીથી ફેલાય છે. આ રોગના લક્ષણોમાં મુખ્ય રીતે પશુઓમાં સામાન્ય તાવ, આંખ-નાક માંથી પ્રવાહી આવે, મોઢામાંથી લાળ પડે, આખા શરીર પર ગાંઠો જેવા નરમ ફોલ્લા પડે, પશુનું દૂધ ઉત્પાદન ઘટે, ખાવાનુ બંધ કરે કે ખાવામાં તકલીફ પડે, ગાભણ પશુ તરવાઈ જાય અને ક્યારેક જ પશુ મૃત્યુ પામે છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, અત્યાર સુધી રાજયના ૧૪ જીલ્લાઓમાંથી મળેલ માહિતી અનુસાર આ જિલ્લાના ૮૮૦ ગામોમાં લમ્પી સ્કીન ડીસીઝનાં કેસ જોવા મળ્યા છે અને તેમાં તમામ અસરગ્રસ્ત ૩૭,૧૨૧ પશુઓને સારવાર આપવામાં આવી છે. આ રોગ અંગે તાલુકા કક્ષાએથી મળેલ રોગચાળાના અહેવાલ મુજબ અત્યાર સુધી ૯૯૯ પશુઓનાં લમ્પી સ્કીન ડીસીઝનાં કારણે મરણ થયા હોવાનું નોંધાયું છે.તેમણે ઉમેર્યુ કે,અસરગ્રસ્ત ગામમાં રોગીષ્ટ પશુઓને તાત્કાલિક અલગ કરી, નિરોગી પશુઓમાં રોગનો ફેલાવો ન થાય તે માટે અત્યાર સુધી ૨.૬૮ લાખથી વધુ પશુઓમાં રસીકરણ કરવામાં આવ્યું છે. રાજયના આ ૧૪ જિલ્લાઓના અસરગ્રસ્ત ગામોમાં પશુપાલન ખાતાના ૧૫૨ પશુચિકિત્સા અધિકારીઓ અને ૪૩૮ પશુધન નિરિક્ષકો દ્વારા સઘન સર્વે, સારવાર અને રસીકરણની કામગીરી ચાલુ છે અને વિશેષ પરિસ્થિતિ ને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા વધારાના ૨૬૭ આઉટસોર્સ્ડ પશુચિકિત્સકોને વાહન સહિત આ રોગના સર્વે, સારવાર અને રસીકરણની કામગીરીમાં સામેલ કરવામાં આવ્યા છે. તેના માટે રાજ્ય કક્ષાએથી અને વિભાગીય કચેરી કક્ષાએથી સતત મોનીટરીંગ અને દિશાનિર્દેશો આપવામાં આવી રહ્યા છે.

પશુપાલન મંત્રીશ્રીએ ઉમેર્યું કે, પશુપાલક ને આ રોગમાં તાત્કાલિક સારવાર અને અન્ય માહિતી મળી રહે તે હેતુસર ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૯૬૨ની સુવિધા સાથે જીવીકે- ઈએમઆરઆઈ, નરોડા, અમદાવાદ ખાતે પશુપાલન ખાતાના અધિકારીઓના ૨૪ કલાક મોનીટરીંગ સાથે ખાસ કંટ્રોલ રૂમ શરુ કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રના અસરગ્રસ્ત જિલ્લાઓમાં પશુપાલકોને એમના પશુઓ માટે જરૂરી સારવાર અને માર્ગદર્શન મળી રહે એ માટે મંત્રીશ્રી એ જામનગર ખાતે પશુપાલન નિયામક સહીત જામનગર અને દેવભૂમિ દ્વારકાના વહીવટી તંત્ર સાથે તાકીદની બેઠક કરી, મહામુલા પશુધનને બચાવવા માટે યુધ્ધના ધોરણે આ રોગના સર્વે, સારવાર અને રસીકરણ માટે જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી છે પશુપાલકોમાં રોગ અંગેની જાગરુકતા માટે પશુપાલન ખાતા દ્વારા અપાયેલ પોસ્ટર, હોર્ડીંગ્સ અને જાહેરાત મુજબ પ્રચાર-પ્રસારની કામગીરી વધુ વેગવંતી બનાવવા સૂચના આપી છે. આ ઉપરાંત ચોમાસાની ઋતુમાં પશુઓના રહેઠાણમાં મચ્છર, માખી,જૂ, ઈતરડી વગેરે ન થાય તે માટે યોગ્ય સ્થાનિક તંત્ર દ્વારા જંતુનાશક દવાઓનો છંટકાવ થાય તે માટે પણ જાણ કરવામાં આવી.

મંત્રીશ્રીએ તમામ પશુપાલકોને લમ્પી સ્કીન ડીસીઝ રોગથી ગભરાવાને બદલે સાવચેતી રાખવા અપીલ કરતા કહ્યુ છે કે, તેમના પશુમાં આ રોગના ચિન્હો દેખાય કે તરત પશુના સારવાર અને રસીકરણ માટે ટોલ ફ્રી નંબર ૧૯૬૨ પર ફોન કરવો અથવા નજીકના સરકારી પશુદવાખાનાનો સંપર્ક કરવો. રોગીષ્ટ પશુને તાત્કાલિક અન્ય પશુઓથી અલગ કરીને માવજત કરવી.પશુઓના રહેઠાણના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવી અને પશુમાં રોગપ્રતિકારક શક્તિ વધે અને ખોરાક જળવાઇ રહે તે માટે પશુચિકિત્સકની સલાહ મુજબ ઘરગથ્થુ માવજત કરવાની સલાહ છે. સાથોસાથ અસરગ્રસ્ત ગામોમાં સઘન સર્વે, સારવાર અને રસીકરણની સરકારશ્રીની કામગીરીમાં સાથ અને સહકાર આપવા અનુરોધ કર્યો છે.

-દિલીપ ગજ્જર

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે

### UPL University of Sustainable Technology તથા આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'Incredible Management by Pramukhswami Maharaj' વિષય પર સેમિનાર યોજાયો

અંકલેશ્વર ભરુચ,

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે, પોતાના જીવનની ક્ષણે-ક્ષણનું બલિદાન આપનાર, અવિરત વિચરણ કરી ગામેગામ અને દેશ-પરદેશમાં પધરામણીઓ કરી, અસંખ્ય લોકોનાં સુખ-દુ:ખમાં ભાગીદાર બની, તેમને આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાત આપનાર, લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર વચ્ચે અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ કરી જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન કરી સેવાનો આનંદ લેતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યક્તિત્વને જુદા-જુદા દૃષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ઘ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે.

વિશ્વ સમસ્તના રાજકીય, સામાજિક, આધ્યાત્મિક, ધાર્મિક કે અન્ય ક્ષેત્રોનાં નેતૃત્વ વામણાં લાગે તેવા પ્રમુખસ્વામી મહારાજમાં નેતૃત્વના આગવા ગુણો હતા. તેઓ એક સર્વોત્કૃષ્ટ સંચાલક, વ્યવહારદક્ષ વ્યવસ્થાપક અને અદ્વિતીય આયોજક તો હતા જ, પરંતુ તેમના વ્યક્તિત્વની એક અદકેરી અને મૂઠી ઊંચેરી આભા હતી – એક રાહબર તરીકેની, એક વિરલ-વિરાટ નેતા તરીકેની. તેમના જીવનની પ્રત્યેક પળમાંથી દાસત્વની અને શિષ્યત્વનો પરિમલ પ્રસરતો હોવા છતાં, લાખો અનુયાયીઓને જ નહીં, પરંતુ સમગ્ર માનવજાતને, તેમણે નેતૃત્વ પૂરું પાડ્યું છે.

આવી રીતે સ્વામીશ્રીના આધ્યાત્મિક નેતૃત્વનો શ્રેષ્ઠ આદર્શ પૂરો પાડતા ગુણોના ઉપલક્ષ્યમાં યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયા-અંકલેશ્વર અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "Incredible Management by Pramukhswami Maharj" એ વિષય પર તા.૨૩-૦૭-૨૦૨૨ના રોજ યુપીએલ યુનિવર્સિટીના સેમિનાર હોલ-૧ ખાતે સવારે ૧૦.૦૦ થી બપોરે ૧૨.૩૦ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયાના ટ્રસ્ટી/ટ્રેઝરર, શ્રી કિશોર સુરતી, વક્તા તરીકે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સારંગપુરના પૂ. જ્ઞાનવિજયદાસ સ્વામી, આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી, યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયાના કાર્યકારી પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત જે. વાઘ, યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયાના કાર્યકારી રજીસ્ટ્રાર, શ્રીધર્મેશભાઈ પટેલ તેમજ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ભરુચના કોઠારીશ્રી, પૂ. અનિર્દેશદાસ સ્વામી, વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાન તેમજ દીપપ્રાગટ્યથી થઈ. ત્યારબાદ પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ શ્રીપ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, નિર્ણયશક્તિ તથા દૂરંદેશિતાથી તેમને કરેલાં વિવિધ માનવ ઘડતરલક્ષી કાર્યોની સ્મૃતિ વીડિયોના માધ્યમથી કરાવાઈ હતી. યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયાના કાર્યકારી પ્રોવોસ્ટ, પ્રો. શ્રીકાંત જે. વાઘે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું તથા સેમિનારના આયોજન અંગેની પૂર્વ યોજના વિષે માહિતી આપી હતી તેમજ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોની સ્મૃતિ કરી હતી. સંચાલકશ્રીએ વક્તાનો પરિચય આપ્યો હતો.

'Incredible Management by Pramukhswami Maharaj' વિષયક વક્તવ્ય રજૂ કરતા સૌ પ્રથમ પૂ. જ્ઞાનવિજયદાસ સ્વામીએ જણાવ્યું કે, પ્રમુખસ્વામી મહારાજે મેનેજમેન્ટની કોઇ સ્કૂલમાં પ્રવેશ કર્યો નથી, કોઇ ડીગ્રી પ્રાપ્ત કરી નથી, કોઇ ક્લાસીસ કર્યા નથી તો પણ આજે આપણે તેમના મેનેજમેન્ટ વિશે વાત કરીએ છીએ. ૨૫ વર્ષથી જેઓ મેનેજમેન્ટ ભણાવી રહ્યા છે તેવા A.C. બ્રહ્મભટ્ટે પ્રમુખસ્વામી મહારાજ ઉપર તેમના મેનેજમેન્ટ વિષે પુસ્તક લખ્યું છે. જે મેનેજમેન્ટના પાઠ IIMમાં શીખવવામાં નથી આવતા તેવું તેમની પાસેથી શીખવા મળે છે તેમ મુંબઈના શેરીફ અ ઉદ્યોગપતિ મોહનભાઈએ કહ્યું હતું. ૧૯૭૧ થી સતત ૪૩ વર્ષ સુધી તેમણે જે કાર્યો કર્યાં છે તેમાં તેમની ઈનક્રેડીબલ મેનેજમેન્ટની કળા જોવા મળે છે. તેમણે સ્થાપેલા ૪૨ શિખરબદ્ધ મંદિરો, દેશ-વિદેશમાં ૧૧૦૦ કરતાં વધુ સંસ્કારધામો, ૧૩૦૦ કરતાં વધુ સંતો તેમજ ગાંધીનગર અને દિલ્હીમાં સ્વામિનારાયણ અક્ષરધામ જેવા શિલ્પ-સ્થાપત્યના બેનમૂન સ્મારકો દ્વારા તેમની મેનેજમેન્ટની કળા જોવા મળે છે. લંડન, ટોરેન્ટો મંદિરો દ્વારા વિદેશમાં પણ તેવું જ કાર્ય કર્યું છે.મંદિરો બનાવવા તો સહેલા છે પરંતુ તેને જીવંત રાખવા તે વધુ અઘરું છે પરંતુ તે તેમના માટે તે સહેલું હતું. તેમાં પણ તેમણું મેનેજમેન્ટ જોવા મળે છે.

કચ્છ ભૂકંપ, સુનામીના રાહતકાર્યો અને પુનઃવસનના કાર્યમાં ગામોને દત્તક લઇ હજારો મકાન અને શાળાઓનું બનાવવામાં આવ્યા છે તેમાં તેમનું અવિશ્વસનીય મેનેજમેન્ટ જોવા મળે છે.

કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (CFI) ઉત્સવ લંડનમાં ઉજવવામાં આવ્યો ત્યારે તેના આયોજનથી ત્યાંની સરકાર પણ પ્રભાવિત થઇ હતી. તેવી રીતે ૧૯૯૨માં અક્ષરધામ ગાંધીનગરનાં ઉદ્‌ઘાટન વખતે રોજના ૧ લાખ માણસોની ભોજનની વ્યવસ્થા થતી. તેનું આયોજન પણ અદભૂત હતું. તે પણ ૩૪ દિવસ સુધી આયોજનબદ્ધ કાર્ય તેમની આગેવાનીમાં થયેલું. મેનેજમેન્ટની વિશેષતાઓમાં તેમની એક વિશેષતા હતી ટાઈમ મેનેજમેન્ટની. સમયની એક-એક ક્ષણનો ઉપયોગ કર્યો છે. તેમને ક્યારે આળસ કરી નથી. તેઓ રોજના ૫૦ પત્રોના જવાબ આપતા હતા. બિમારી સમયે પથારીમાં બેઠા-બેઠા પણ એટલું જ કાર્ય કરતા. ભ્રમણનો સમયનો કથાશ્રવણમાં ઉપયોગ કરતા. હૃદય રોગના હુમલા સમયે તેમને સર્જરી કરવાના સમય સુધી હરિભક્તોનાં પત્રોના જવાબ આપ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજ એકવાર જે કામ કરવાનું નક્કી કરે તે પૂરી નિષ્ઠા સાથે પૂર્ણ કરતા. અશક્યને પણ શક્ય બનાવતા. અક્ષરધામ દિલ્હીનાં બાંધકામમાં તેમનાં મેનેજમેન્ટની અવિશ્વસનીયતા જોવા મળે છે. જે કામ ૫૦ વર્ષમાં પૂર્ણ થાય તેમ હતું તેમ છતાં આયોજનબદ્ધ રીતે કાર્ય કર્યું તો ૫ વર્ષમાં પૂર્ણ થયું. દેશનાં ઉદ્યોગપતિઓ પણ ટૂંક સમયમાં કાર્ય પૂર્ણ થયેલું જોઇ અચંબિત થઇ ગયા.

સંસ્થાની આધ્યાત્મિક 'મીસ્ટીક ઈન્ડિયા' ફિલ્મ કાર્યમાં પણ મેનેજમેન્ટ જોવા મળે છે. જે કામ ૨૮ અઠવાડિયામાં થવાનું હતું તે કામ ૧૩ અઠવાડિયામાં કાર્ય પૂર્ણ કર્યું. તે મિસ્ટીક ઈન્ડિયા ફિલ્મને લાખો પ્રેક્ષકોએ દેશ-વિદેશમાં પ્રથમ સ્થાન અપાવ્યું. તેમાં તેમનું ઈનક્રેડિબલ મેનેજમેન્ટ જોવા મળે છે.

મેનેજમેન્ટમાં બીજું છે રીસોર્સ મેનેજમેન્ટ. દિલ્હી અક્ષરધામમાં પથ્થરોનાં કટીંગમાં ૩૫ થી ૪૦ ટકા વેસ્ટ થતો તેમાં તેમણે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરાવ્યો તો માત્ર ૫ ટકા જ વેસ્ટ થવા લાગ્યો. તેમાં તેમના રીસોર્સ મેનેજમેન્ટનાં દર્શન થાય છે. એક સાથે બે-ચાર મંદિરો, હોસ્પિટલ, ભૂકંપ રાહતનાં કાર્યો થતા રહે છે.

ત્રીજું છે પીપલ મેનેજમેન્ટ, માનવ સંબંધની ભાવનાઓને ઓળખી કાર્ય કરતા. તેઓ નાનામાં નાના માણસના સૂચનોને સાંભળવામાં ક્યારેય નાનપ્ય ન અનુભવતા. ક્યારેક નાના બાળકોની વાતને પણ નોટિસ કરી તેમની ઈચ્છાઓ પણ પૂર્ણ કરતાં. તેના માટે હજારો કિલોમીટરનો પ્રવાસ પણ ખેડેલો છે. તેઓ સૌને પ્રેમ કરતા હતા. તેમણે પોતાનું સંપૂર્ણ જીવન હરિભક્તોના દુ:ખો માટે સમર્પિત કરી દીધેલું. જ્યારે વ્યક્તિને પોતાના જીવનમાં અંધારું દેખાતું હોય, અજવાળું થવાની કોઇ આશા પણ ન હોય, ત્યારે તેમનાં જીવનમાં અજવાળું પાથરવાનું કામ પ્રમુખસ્વામી મહારાજે કરેલું છે.

સંસ્થામાં સંતોને અભ્યાસમાં આગળ વધારવામાં ખુબ જ પ્રેરણા અને ઉત્સાહ આપ્યો છે. તેમનું આગવું અંગ હતું સેલ્ફ મેનેજમેન્ટ. તેમણે ભારતીય મૂલ્યોની જાળવણીમાં ક્યારેય પાછું વળીને જોયું નથી. તેઓ સૌની સાથે નમીને-હાથ જોડીને કાર્ય કરતા, બોસ બનીને નહીં. તેથી તેમણે લોકોનો અવિશ્વસનીય વિશ્વાસ સંપાદન કર્યો હતો. તે તેમના વર્તનની પૂંજી છે જે અબજો રૂપિયા કરતાં પણ વધુ છે. જ્યારે મોટી સફળતા મળે ત્યારે તેનો યશ સંતો, હરિભક્તોને આપતા. પોતે ક્રેડિટ લેતા જ નહીં. તેઓ ક્યારે કોઈની સાથે સ્પર્ધામાં ન ઉતરતા, સારામાં સારુ કાર્ય કેમ થાય તેનું જ ધ્યાન રાખતા. જ્યારે 'સબ સે બડા ગુજરાતી કોન' પ્રતિયોગિતા કાર્યક્રમમાં પ્રમુખસ્વામી મહારાજનું નામ પત્રકારે જાહેર કર્યું ત્યારે સામેથી તેમને બોલાવી આવી સ્પર્ધામાં તેમનું નામ જોડવાની ના પાડી. સ્વામીશ્રીના જીવનમાં રહેલા મેનેજમેન્ટનાં ગુણો આપણામાં પણ આવે તેવી પ્રાર્થના કરી વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.




પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ભરુચના કોઠારીશ્રી, પૂ. અનિર્દેશદાસ સ્વામીએ કહ્યું કે, પ્રમુખસ્વામી મહારાજ એક એવું વ્યક્તિત્વ હતું કે જેમાં કુશળતા, કોમળતા અને કર્મઠતાના ત્રણેય ગુણો હતા. તેમનાં માટે કોઇ આદમી સામાન્ય નહીં પણ વિશેષ વ્યક્તિ હતા, તે ભગવાનનો અંશ છે તેમ માનતા. તેઓ નાનામાં નાની વ્યક્તિનું પણ વિચારતા. તેમનાં માટે કોઇ ક્ષણ ફાજલ ન હતી ક્ષણેક્ષણનો તે ઉપયોગ કરતા. રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જોતી વખતે મળતા થોડા સમયમાં પણ પત્રલેખન કરી લેતા. આપત્તિને પણ અવસરમાં પલટી નાખતા. અક્ષરધામ આતંકવાદ સમયે બંને આંતકવાદીઓના મૃત દેહને પુષ્પ છાંટી તેમનાં માટે પણ પ્રાર્થના કરેલી. દરેક ક્ષેત્રમાં અવિશ્વસનીય મેનેજમેન્ટ કરી તેમને જેવી રીતે સફળતાની અનુભૂતિ કરી તેવી અનુભૂતિ આપણે પણ કરીએ તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

અધ્યક્ષીય પ્રવચન કરતાં યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયાના સ્થાપક ટ્રસ્ટી અને ટ્રેઝરર, શ્રી કિશોર સુરતીએ કહ્યું કે, પ્રમુખસ્વામી મહારાજ નેચરલ લીડર હતા. તેમણે ક્યારેય લીડરશીપનો અભ્યાસ કર્યો નથી તેમ છતાં મેનેજમેન્ટ ક્ષેત્રે તેઓ સૌના પ્રેરણાસ્રોત રહ્યા છે. ૨૮ વર્ષની નાની ઉંમરમાં સંસ્થાના પ્રમુખ બની તેમને ૬૭ વર્ષ સુધી પ્રમુખનું સ્થાન શોભાવ્યું છે તેવું કાર્ય ક્યાંય જોવા મળતું નથી. તેમને ૫૨ દેશોમાં મંદિરો બાંધી સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા લોકોમાં આધ્યાત્મિકતા જગાવી છે. સાથે તેમણે પોતાના જીવનમાં બનેલ પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગોની સ્મૃતિ કરાવી હતી.કાર્યક્રમના અંતમાં સમાપન પ્રવચનમાં આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી એ કહ્યું કે, "- યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી પણ ઈનક્રેડિબલ મેનેજમેન્ટમાં માને છે તે તેમના આ કાર્યક્રમના આયોજનથી જોવા મળે છે. પ્રમુખસ્વામી મહારાજના પ્રત્યેક ગુણ સસ્ટેનેબલ હતા. ભગવાન સ્વામિનારાયણ ઉત્તર પ્રદેશમાં પ્રગટ થઇ ગુજરાતમાં સસ્ટેન-સ્થિર થયા હતા. પ્રમુખસ્વામી મહારાજમાં ટાઈમ મેનેજમેન્ટ તો હતું પરંતુ કયા ભાગમાં કેટલું કામ થાય તેના માટે સતત જાગૃત હતા. તેઓ એક ક્ષણ પછી શું થશે? તેની ચિંતા કરતા નહી. બાયપાસ સર્જરીની ચિંતા કર્યા સિવાય નિશ્ચિંત થઇ કાર્ય કર્યું છે. આ ઉપરાંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવન-કવન અને સ્વામીશ્રીએ કરેલ કાર્યો વિશે વિસ્તૃત સમજ આપી હતી. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અંતર્ગત આગામી સમયમાં આયોજિત કાર્યક્રમોની રૂપરેખા સવિસ્તર પ્રસ્તુત કરી હતી. સૌને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં પધારવા સૌને આમંત્રણ આપી સમાપન પ્રવચન પૂર્ણ કર્યું.

આમ, યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયા-અંકલેશ્વર ખાતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે સ્વામીશ્રીના દિવ્ય જીવન-કાર્યમાંથી પ્રેરણા આપતા ભવ્ય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મોટી સંખ્યામાં આમંત્રિતો તેમજ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે યુનિવર્સિટીની વેબસાઈટ અને બીએપીએસ સંસ્થાની પ્રેરણાસેતુ એપ પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયાના આસિસન્ટ પ્રોફેસર હર્ષલ પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતુ અને સભાના અંતમાં યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી, વટારીયા-અંકલેશ્વરના કાર્યકારી રજીસ્ટ્રાર, શ્રી ધર્મેશભાઈ પટેલ આભારવિધિ કર્યો હતો.

## ગાંધીનગર કેન્દ્રીય વિદ્યાલયના કમ્પ્યુટર ઈન્સ્ટ્રક્ટર તેમજ સામાજિક કાર્યકર્તા શ્રી કશ્યપભાઈ ઠક્કર હિમાલયા વુડ બેજ સ્કાઉટ માસ્ટરની પદવીથી સન્માનિત

કેન્દ્ર સરકાર દ્વારા બનેલ નવી શિક્ષણનીતિના અમલીકરણ ૨૦૨૩ મુજબ સ્કાઉટીંગને આગવું મહત્વ અપાયું છે ત્યારે, આ ડીગ્રી મેળવનાર તમામ શિક્ષક મિત્રો પોતાની શાળાના બાળકોને સ્કાઉટીંગ ક્ષેત્રે ગવર્નર એવોર્ડ તેમજ રાષ્ટ્રપતિ પુરસ્કારની પરીક્ષા અપાવવા માટે સક્ષમ છે.

મહેસાણા સાર્વજનિક કેમ્પસમાં આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ શિક્ષક-મિત્રો (ટ્રેનરોને) મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઓમપ્રકાશ સર, સાર્વજનિક વિદ્યા સંકુલ-મહેસાણાના પ્રમુખ શ્રી દિલીપભાઈ ચૌધરી, તેમજ વિવિધ મહાનુભાવો જેવાકે, સાંકળચંદ પટેલ યુનિવર્સીટીના હેડ પ્રકશભાઈ પટેલ, મહેસાણા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, સ્કાઉટ-ગાઈડ સંઘ ઉપ-પ્રમુખશ્રી હરેશભાઈ, ચીફ કમિશ્નર ગાઈડ શ્રીમતી શોભાનબેન,ગુજરાત સ્ટેટ ટ્રેનીંગ કમિશ્નર શ્રી માનસિંગભાઈ તેમજ સ્કાઉટ કમિશનર શ્રી જેઠાભાઈ દ્વારા પ્રમાણપત્રો-સમૂર્તિચિહ્ન અને સ્કાઉટ વોગલ-સ્કાફ એનાયત કરવામાં આવ્યા.

## ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ભૂતપૂર્વ વિકેટકીપર કરુણા જૈને નિવૃત્તિની જાહેરાત કરી

મુંબઇ,તા.૨૫

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ભૂતપૂર્વ વિકેટકીપર કરુણા જૈને રમતના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. બેંગલુરુમાં જન્મેલી, ૩૬ વર્ષની વયે કરુણાએ તેમની કારકિર્દીમાં ભારત, કર્ણાટક, પુડુચેરી અને દક્ષિણ ઝોનનું પ્રતિનિધિત્વ કર્યું છે. કરુણાએ એક નિવેદનમાં કહ્યું, ‘‘હું ખૂબ જ ખુશ અને સંતુષ્ટ લાગણી અનુભવુ છું, હું ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી મારી નિવૃત્તિની જાહેરાત કરું છું અને રમતમાં ફરી કંઈક યોગદાન આપવા માટે ઉત્સુક છું.’’કરુણાએ પાંચ ટેસ્ટ મેચોમાં ૧૯૫ રન બનાવ્યા હતા જ્યારે આ દરમિયાન ૪૦ રન તેમનો સર્વશ્રેષ્ઠ સ્કોર હતો. તેંણે નવેમ્બર ૨૦૦૫માં દિલ્હીમાં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. અને તેમને છેલ્લી ટેસ્ટ ઓગસ્ટ ૨૦૧૪માં ઈંગ્લેન્ડ સામે વોર્મસ્લે ખાતે રમી હતી.

કરુણાએ ૪૪ વન-ડે ઈન્ટરનેશનલમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને એક સદી અને નવ અડધી સદીની મદદથી ૯૮૭ રન બનાવ્યા. આ ફોર્મેટમાં ૧૦૩ રન તેમનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર રહ્યો. તેમણે આ ફોર્મેટમાં ૨૦૦૪માં વેસ્ટ ઈન્ડિઝ સામે ડેબ્યૂ કર્યું હતુ અને ૨૦૧૪માં ઈંગ્લેન્ડ સામે તેમની છેલ્લી ૫૦ ઓવરની આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી.

## આચાર્ય લોકેશજીએ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલ ‘નેલ્સન મંડેલા દિવસ‘ની ઉજવણીને સંબોધિત કરી હતી ‘‘નેલ્સન મંડેલાનું જીવન અહિંસા અને સામાજિક ન્યાય માટે સમર્પિત હતું’’ - આચાર્ય લોકેશજી



‘‘નેલ્સન મંડેલાએ ગાંધીજી પાસેથી પ્રેરણા લીધી અને રંગભેદ સામે અહિંસક લડત આપી’’ - કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર શેખાવતજી

ગાંધી મંડેલા ફાઉન્ડેશન દ્વારા નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા અને દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલાજીની ૧૦૪મી જન્મજયંતિ નિમિત્તે ‘આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસ’ની ઉજવણીનું આયોજન કર્યું હતું. આ સમારોહમાં વિશ્વ શાંતિદૂત જૈનાચાર્ય ડો.લોકેશજી, જલશક્તિ કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતજી , ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિના ઉપાધ્યક્ષ વિજય ગોયલજી , જસ્ટિસ કે.જી. બાલકૃષ્ણનજી , જસ્ટિસ જ્ઞાન સુધા મિશ્રાજીએ આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસની ઉજવણીને સંબોધિત કરી હતી. અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત જૈનાચાર્ય ડૉ.લોકેશજીએ જણાવ્યું હતું કે, સેવા પ્રત્યેના તેમના સમર્પણ માટે વંશીય સંબંધો અને રંગભેદના ક્ષેત્રમાં લોકશાહી, વંશીય ન્યાય અને માનવ અધિકારના મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને માનવતાની સેવા સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલ નેલ્સન મંડેલા દિવસ પણ તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે કહ્યું કે, મંડેલાનું જીવન અહિંસા, સામાજિક ન્યાય અને માનવ અધિકારોને સમર્પિત હતું જલશક્તિના કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતજીએ કહ્યું કે , નેલ્સન મંડેલાને રંગભેદ વિરુદ્ધ લાંબા સંઘર્ષ બાદ દક્ષિણ આફ્રિકાના ગાંધી કહેવા જોઈએ. તેમણે કહ્યું કે, મંડેલા મહાત્મા ગાંધીજી ની જેમ અહિંસક માર્ગના ખૂબ સમર્થક હતા. તેઓ ગાંધીજીને પ્રેરણા સ્ત્રોત માનતા હતા અને તેમની પાસેથી અહિંસાના પાઠ શીખ્યા હતા. જસ્ટિસ કેજી બાલક્રિષ્નને કહ્યું કે નેલ્સન મંડેલાએ રંગભેદ વિરોધી સંઘર્ષને કારણે ૨૭ વર્ષ જેલમાં વિતાવ્યા હતા. તેમની મુક્તિ પછી, સમાધાન અને શાંતિની નીતિ દ્વારા, તેમણે લોકશાહી અને બહુજાતીય આફ્રિકાનો પાયો નાખ્યો અને એક નવા દક્ષિણ આફ્રિકાની રચના કરી.ગાંધી સ્મૃતિ અને દર્શન સમિતિના ઉપાધ્યક્ષ વિજય ગોયલે નેલ્સન મંડેલા જયંતિ નિમિત્તે

જણાવ્યું હતુ કે, મંડેલાએ જે રીતે દેશમાં રંગભેદ સામેની ઝુંબેશ ચલાવી હતી તેનાથી વિશ્વ તેમના તરફ આકર્ષિત થયું હતું. આ જ કારણ હતું કે ૧૯૯૦માં ભારત સરકારે તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ‘ભારત રત્ન‘થી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે રાજયસભાના પૂર્વ સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા ડો.સૈયદ ઝફર ઈસ્લામે પણ ખાસ સંબોધન કર્યું હતું. કાર્યક્રમના આયોજક અને ગાંધી-મંડેલા ફાઉન્ડેશનના જનરલ સેક્રેટરી, એડવોકેટ નંદન ઝાએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું અને કાર્યક્રમના અંતે આભાર વ્યક્ત કર્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 0013

પ્રકાર: ગદ્ય

વિષય :

દેશ વિદેશમાં ગુજરાતીઓનો દબદબો,બદલાતી સામાજિક,આધુનિક શૈલી.

તારીખ ૨૪/૦૭/૨૨.

‘જયાં જયાં વસે
એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ
ગુજરાત.’
ગુજરાતીઓ માટે દેશ
વિદેશ કે દેશ પરદેશ
જેવું કંઈ જ હોતું નથી.
એ જયાં રહે એ જ એમનું
ઘર. એજ એમનો દેશ.
મને ખબર છે કે પરદેશમાં અમુક શહેરોમાં
આપણે જઈએ તો ત્યાં
એમની ભાષા આવડવી
જરૂરી છે, પણ જયારથી
ત્યાં ગુજરાતીઓ આવીને
વસ્યા છે ત્યાં હવે આપણી
ભાષા વપરાય છે.
દેશ પરદેશના કોઈ પણ
ખૂણે તમે ફરો તો ત્યાં
તમને આપણી ગુજરાતી
ભાષાનો,ગુજરાતી લઢણ,
ગુજરાતી સંસ્કારો, ગુજરાતી રહેણીકરણી,
ગુજરાતી ઝભ્ભો લેંઘો પહેરેલા ફક્ત ગુજરાતીઓ
નહી પણ પરદેશના લોકો
પણ તમને ગુજરાતી
પહેરવેશ પહેરેલા જોવા
મળશે.આ જ છે આપણી
આધુનિક સંસ્કૃતિનો
દબદબો.
તમે પરદેશના કોઈ પણ
મંદિરમાં જાવ તો તમને
જય સ્વામિનારાયણ
અને
જય શ્રી કૃષ્ણ
સાંભળવા મળશે.
હમણાં તો ત્યાં, તમે
નહી માનો પણ ગણપતિ
નું બુકિંગ પણ શરૂ થઈ
ગયું છે અને અહીંયાના
પૂજારીઓ એક સાથે
ઓનલાઈન પંદર જગ્યાએ પૂજા કરાવે છે
અને એ પણ શાસ્ત્રોક્ત
રીતે શુદ્ધ સંસ્કૃતના શુદ્ધ
ઉચ્ચારણ સાથે.
આખા વિશ્વમાં તમે
નવરાત્રિમાં ફરો તો
ખબર પડે કે કેટલા
દિલથી માતાજીની સેવા
પૂજા થાય છે.
દુનિયાના કોઈપણ દેશમાં
તમે જોશો તો ખબર પડશે કે ત્યાંના રાજયમાં
ગુજરાતી બહેનો અને
ભાઈઓ પ્રધાન પદ શોભાવે છે. અને આપણા
રાષ્ટ્રીય તહેવારોની ત્યાં
ઉજવણી પણ કરાવે છે.
હવે તો ત્યાંના રાષ્ટ્રપતિ, વિદેશ પ્રધાન પણ
ગુજરાતી પહેરવેશ બંડી
પહેરીને ‘નમસ્ત’ કહીને
બે હાથ જોડી ને નીચે
નમે છે.
તમે જુઓ તો અહીંયાના
ગુજરાતી છોકરાઓ વિદેશ
ભણી ને ત્યાં ની ગોરી
છોકરીઓ સાથે લગ્ન કરી
અને કાયમ માટે ભારત
પાછા ફરે છે.અને એ
ગોરી છોકરીઓ જયારે
આપણી ગુજરાતી ભાષા
બોલે છે અને લાલાની
સેવા કરે છે કે દેરાસરમાં
જઈ ને પૂજા કરે છે,
અઠ્ઠાઈ કરે છે ,શંકર
ભગવાનની સ્તુતિ કરે છે
અને ચણીયા ચોળી પહેરી
જયારે માતાજીના ચાચર
ચોકમાં ગરબા રમે છે ત્યારે આપણા ગુજરાતીઓની છાતી
ગજ ગજ ફૂલે છે અને
એનાથી વધારે જયારે
આપણી ગાય ભેશને
દોહે છે ત્યારે આપણને
એમને પણ શત શત
નમન કરવાનું મન થાય
છે કે કેવા અહિયાં આવીને
આપણી બદલાતી જતી
આધુનિક શૈલીમાં કેવા
ઓતપ્રોત થઈ જાય છે.
આજ છે આપણી
આધુનિક બદલાતી
સામાજિક શૈલી.

ઘનશ્યામ વ્યાસ.
શ્યામ

---

*NOG SS NO : 119*

વિષય : સૂર - સંગીત - સુરાવલી

પ્રકાર : ગદ્ય

શિર્ષક : સંગતનો સૂર

ઘણા લોકો ને ગાવાનો, બજાવવાનો ઘણો શોખ હોય, પરંતુ ન આવડતું હોય ત્યારે તે નિરાશ થઈ ને બીજાના અનુકરણથી શરીરને તાલ,લય કે ઢાળ લોલંમલોલ હલાવતા હોય છે.

મારા જીવનમાં આવી ઘટના ઘટેલી છે. કોઈ વાર ભજન મંડળીમાં ગયા હોય અને કોઈ મંજીરા લઈને સૌની સાથે તાલ મિલાવવાનો પ્રયાસ કરું ત્યાં બાજુવાળા ગોદો મારે કે તાલમાં વગાડ નહીંતર મૂકી દે, ત્યારે એમ થાય કે હે કુદરત...! તેં મને આવી શક્તિ કેમ નથી આપી...? શરમિંદા થઈ ને એ વાજીંત્ર મૂકી દેવું પડે.

રસ- રૂચિ હોય તો આગળ વધી શકાય છે.એનું જીવંત ઉદાહરણ છે.

મારા ધર્મપત્ની બિલકુલ અભ્યાસ કરેલ નથી, એમના પિયરની શાળામાં તેમનો જન્મ તારીખનો દાખલો કઢાવવા ગયો.આચાર્ય સાહેબે ઘણા જનરલ રજીસ્ટરો જોયાં પરંતુ નિષ્ફળતા મળી કેમકે શાળામાં નામ જ નોધાવેલુ ન્હોતું.

અભણબાઈ આજે સ્વયં અક્ષરજ્ઞાન મેળવી ને તેમને કરતાલ વગાડતા આવડે છે અને ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરીને યુટ્યુબ અને ગુગલમાં સર્ચ કરીને ભજનો શીખે છે,તે ઉપરાંત મહિલાઓનું ભજન મંડળ બનાવીને સરસ મજાનાં તાલ-લય, સાથે ભજનો ગાય છે. શબ્દોની સમજ ન પડે ત્યાં મારો સહારો લઈને મહિલાઓમાં સારા ભજનિક તરીકે નામના મેળવી છે.

ભજન ગાવાના હોય ત્યારે તેનું વારંવાર રિહર્સલ કરે છે અને સરસ રીતે તાલમાં ભજન રજૂ કરે ત્યારે સંગીતજ્ઞો પીઠ થાબડી પ્રોત્સાહિત કરે છે.

સંગીત એવો રસનો વિષય છે કે એને માણો એટલે તલ્લીન થઈ જવાય. માણસ તો થાય,પણ પશુ-પક્ષી કે જીવજંતુ અને વૃક્ષો પણ સંગીતનાં તાલમાં ડોલવા લાગે છે. જેને સંગીતનો રસ જાગે છે.

સાતમ-આઠમનાં કનૈયાના ગીતો કે નવરાત્રીમાં ગરબા ગવાય તેમાં બહેનો ઢોલના તાલે હિંચ,ઠમકો, ઉંચો તાલ,બેસણી જેવા ગીતો ગાઈને વાતાવરણ ધમધમતું કરી દેતા હોય છે.

સંગીત એટલે સં -સંગ - ગીત , સંગની સાથે ગીત ગાવું અને બજાવવુ એવો સામાન્ય અર્થ કરી શકાય. (સંગાથે ગાવું) આ ગામડા ગામની સંસ્કૃતિ રૂપ સંસ્કાર છે.

ગામડાઓમાં આવતા વાદી લોકો મોરલીના નાદે નાગને ડોલાવી ઝેર સાથે મોતના મુખમાં હાથ નાખી શૂર રેલાવી પોતાની આજીવિકા રળે છે.

એજ રીતે ભરથરી લોકો પણ રાવણહથ્થો લઈ નાના બાળકોનાં હાલરડાં ગાઈને બાળકની માતાને રિઝવતા હોય છે.

સંગીતએ શૂર,તાલ,લય અને રસ થી માણવામાં આવે તો ભલભલા સંગીતનાં સૂરમાં સંગીતમય બની જાય છે.

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

# મંથન..માનવ જીવનનો ઉદ્દેશ્ય ભાગ-૧

બ્રહ્માંડમાં જેટલી પણ જડ-ચેતન સૃષ્ટિ છે તેમાં કોઇપણ વસ્તુ નિરૂદેશ્ય નથી.કોઇપણ વસ્તુ વ્યર્થ નથી.દરેક વસ્તુ કોઇને કોઇ પ્રકારે સૃષ્ટિની સેવા અને તેના લાભ માટે કાર્યરત છે.ભયાનકથી ભયાનક દેખાવવાળા પશુઓ અને પક્ષીઓનું પણ કોઇને કોઇ પ્રયોજન હોય છે.નાનામાં નાના જીવ-જંતુઓ પણ કોઇને કોઇ ઉદ્દેશ્યની પૂર્તિ કરી રહ્યા છે.આવી સ્થિતિમાં વિચારણીય વાત એ છે કે મનુષ્યની રચના કયા ઉદ્દેશ્યની પૂર્તિ માટે કરવામાં આવી છે..?

અમે જોઇએ છીએ કે મનુષ્ય સિવાયની તમામ જડ-ચેતન સૃષ્ટિ સ્વાભાવિક કર્મોના આધિન છે. પ્રકૃતિના નિયમ અનુસાર તમામ પોત પોતાનું કામ કરી રહ્યાં છે પરંતુ મનુષ્ય ઉપર બંધન નથી, તેને કર્મ કરવાની સ્વતંત્રતા આપવામાં આવેલી છે.પોતાની બુધ્ધિ અથવા વિવેક દ્વારા તે ઇચ્છિત કર્મ કરવાનો અધિકાર રાખે છે એટલા માટે તેને સર્વશ્રેષ્ઠ યોનિ કહેવામાં આવે છે.આ ઉત્તમ યોનિને આટલા અધિકાર અને આટલી સ્વતંત્રતા આપીને છેવટે ક્યા ઉદ્દેશ્યની પુર્તિ માટે પેદા કરવામાં આવ્યો છે..?

જો ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે મનુષ્ય અન્ય યોનિઓથી કોઇપણ બાબતમાં મોટો નથી.જન્મથી મૃત્યુ સુધીની તમામ જીવન જીવવાની રીત તેને શીખવવી પડે છે.તે કોરા કાગળ જેવો હોય છે,તેને ખાવાનું પીવાનું બેસવાનું ઉઠવાનું ચાલવાનું બોલવાનું વગેરે તમામ શિખવવું પડે છે.બીજી યોનિઓ જન્મથી જ ઘણું બધું શીખીને આવે છે પરંતુ માનવ બુધ્ધુ પેદા થાય છે.માછલીને તરતાં.. વાંદરાને ઝાડ ઉપર ચઢવાનું કોઇ શીખવતું નથી.કીડા મકોડા..વગેરેને પણ પોતાની દિનચર્યા, પોતાનું ખાવા પીવાનું પોતે જ લે છે પરંતુ મનુષ્ય રડવા સિવાય કંઇ પણ શિખવાડ્યા સિવાય કરી શકતો નથી, તેમ છતાં તેને ઉત્તમ યોનિ કહેવાય છે એ શું ન્યાય સંગત છે..?

વ્યાકરણનો એક નિયમ છે કે નાની વસ્તુનું જો મહત્વ દર્શાવવું હોય તો તેની ઉપમા કોઇ મોટી વસ્તુની સાથે આપવામાં આવે છે જેમ કે કોઇ કપડાંની સફેદીને વધુ સારી બતાવવા કહેવામાં આવે છે કે દૂધ જેવી સફેદી કારણ કે દૂધ કપડાં કરતાં પણ વધુ સફેદ હોય છે.આ છોકરીની આંખો મૃગ જેવી છે કારણ કે મૃગની આંખો છોકરીની આંખો કરતાં વધુ સુંદર હોય છે.વિચારવાની વાત એ છે કે શ્રેષ્ઠ યોનિવાળા મનુષ્યની મોટાઇ દર્શાવવા શું તેના કોઇ અંગની ઉપમા અન્ય સાથે આપવામાં આવે છે ખરી..? લાંબા તાડના ઝાડનું મહત્વ સિધ્ધ કરવા ક્યારેય એમ કહેવામાં આવે છે કે ફલાણું ઝાડ મનુષ્ય જેટલું લાંબુ છે અથવા અમાવસ્યાની રાત્રિ ફલાણી સ્ત્રી જેટલી કાળી છે..! ક્યારેય આમ કહેવામાં આવતું નથી પરંતુ નવાઇની વાત એ છે કે પશુ પક્ષીઓ તથા જડ વસ્તુઓને મનુષ્ય કરતાં મોટા માનવામાં આવે છે જેમ કે શેર જેવું દિલ, સાગર જેવી શાંતિ, કોયલ જેવી મધુરવાણી, બાજ જેવી નજર અને ફુલો જેવી કોમળતા.

ટૂંકમાં મનુષ્યના માથાના વાળથી પગની આંગળીઓ સુધી શરીરના તમામ અંગોની ઉપમા જડ-ચેતન સૃષ્ટિની કોઇને કોઇ વસ્તુ સાથે કરવામાં આવે છે તેનાથી ઉલ્ટું મનુષ્યના સમગ્ર શરીરના કોઇપણ અંગની ઉપમા કોઇ અન્ય વસ્તુને આપવામાં આવતી નથી તેમજ મનુષ્યના અલગ અલગ સ્વભાવનું મૂલ્ય પણ અન્ય જીવ જંતુઓથી ઓછું આંકવામાં આવે છે, જેમ કે ફલાણો વ્યક્તિ કૂતરા જેવો વફાદાર છે, સાપ જેવો ઝેરી છે, ઊંટ જેવો ઈર્ષાળુ છે, ગાય જેવો શીલવાન છે વગેરે વગેરે.આ વિશ્લેષણથી સ્પષ્ટ થાય છે કે મનુષ્ય કોઇપણ રીતે સૃષ્ટિની કોઇપણ રચનાથી ઉત્તમ નથી તેમ છતાં તેને ઉત્તમ અને શ્રેષ્ઠ યોનિ કેમ માનવામાં આવે છે..?

ગામડાઓમાં ખેતરોમાં પડેલી પગદંડીઓ એ ×શ્રેષ્ઠ યોનિ’’ ની કૃપાનું ફળ છે.જ્યાં કેટલાક દિવસો સુધી મનુષ્યોની અવર-જવર થાય છે તો ત્યાં ઘાસ ઉંગતું નથી અને જે ઉગ્યું હોય છે તે આ ઉત્તમ મનુષ્યોના ચરણોની ગંધથી સડી જાય છે,તેનાં પગલાં જ્યાં જ્યાં પડે છે ત્યાં લીલોતરી સમાપ્ત થઇ જાય છે તેમછતાં મનુષ્યને ઉત્તમ યોનિ ગણવામાં આવે છે કેમ..?

આના ઉપરથી વિચાર કરીએ તો શું મનુષ્યનું કાર્યક્ષેત્ર અન્યથી મોટું છે..? શું તેનાથી જ તે ઉત્તમ યોનિ કહેવામાં આવે છે..? આ અંગે વિચારીએ તો...આ પણ કોઇ મહત્વપૂર્ણ વાત લાગતી નથી કારણ કે મનુષ્ય પોતાના વિવેકથી જે કામ કરે છે તે અન્ય પ્રાણીઓ પોતાના સ્વભાવથી આ બધું કરી લે છે.એક ચકલી જે માળો બનાવે છે તેમાં પણ ઠંડી ગરમી અથવા વરસાદથી બચી શકાય તે માટેની તમામ વ્યવસ્થા માળામાં હોય છે તથા પોતાના પરીવારના પાલન પોષણ તથા સુરક્ષાનું પણ ધ્યાન રાખે છે. ઉંદરના દરમાં તથા સિંહની ગૂફામાં પણ આવશ્યકતા અનુસાર તમામ પ્રકારના સુખ સાધનો હોય છે.. તો પછી મનુષ્યે મોટા મોટા આલિશાન ભવનોનું નિર્માણ કર્યુ એમાં શું મોટાઇ કરી..? નાનકડી કીડી પણ પોતાના પરીવાર માટે જે સુંદર વ્યવસ્થા કરે છે જે જોઇને બુધ્ધિ દંગ થઇ જાય છે, તેનું મિલવર્તન.. દાનો દાનો ભેગો કરીને અનેક કિલો અનાજનો ભંડાર બનાવી લેવો..સુરક્ષા અને અન્ય વ્યવસ્થા વખાણવા યોગ્ય હોય છે.જો મનુષ્યએ સ્ટોર ખોલી દીધા..ચોકીદાર રાખી લીધા..પરીવારની કાળજી લીધી તો એમાં શું નવાઇ કરી..? એટલે માનવું પડશે કે મનુષ્યો પોતાના દિન-પ્રતિદિનના કાર્યોમાં પણ અન્ય જીવજંતુઓથી શ્રેષ્ઠ નથી કારણ કે તે આ બધાં કાર્યો વિચારીને યોજના બનાવીને અને અનેક પ્રકારનાં કષ્ટ ઉઠાવીને કરે છે જ્યારે પશુ પક્ષીઓ આ બધાં કાર્યો પોતાના સ્વાભાવિક કર્મો દ્વારા આરામથી કરી લે છે.આ જોઇને તો ક્યારેક વિચાર આવે છે કે મનુષ્યએ આ બધું જીવ જંતુઓ પાસેથી તો નહી શિખ્યું હોય ને...! એ વાત આપણે માનવી પડશે કે માત્ર ઉપરોક્ત કામોથી જ મનુષ્ય શ્રેષ્ઠ સિધ્ધ થતો નથી કારણ કે સ્વરૂપમાં થોડું અંતર થવાથી મૂળ કર્મોમાં કોઇ ફેરફાર થતો નથી.

નવાઇની વાત એ છે કે મનુષ્ય સર્વશ્રેષ્ઠ હોવા છતાં દુઃખી રહે છે, રોગી રહે છે જ્યારે અન્ય યોનિઓ હેરાન-પરેશાન હોતી નથી, તે ઘૃણા ઈર્ષ્યા,બદલાની ભાવનાથી ગ્રસિત હોતી નથી.પ્રકૃતિના નિયમાધિન પોતાનું જીવન વ્યતિત કરે છે પરંતુ જ્યારે તેનો સંપર્ક આ શ્રેષ્ઠ પુરૂષ(મનુષ્ય)ની સાથે થાય છે ત્યારે તે દુઃખી થઇ જાય છે,રોગગ્રસ્ત થઇ જાય છે,હિંસક બની જાય છે.

ઉપરના વિશ્લેષણથી એ વાત સ્પષ્ટ થાય છે કે સાંસારીક દ્રષ્ટિએ કે શારિરીક રૂપરેખાથી મનુષ્ય અન્ય યોનિઓથી શ્રેષ્ઠ નથી પરંતુ દરેક રીતે નાનો છે તેમ છતાં મનુષ્ય યોનિને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે એટલે તેના જીવનનો ઉદ્દેશ્ય ચોક્કસ અન્ય યોનિઓથી અલગ હશે જ...! (ક્રમશઃ)

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## ડાંગ જિલ્લામા સાર્વત્રિક વર્ષા
## છેલ્લા ચોવીસ કલાકમા નોંધાયો સરેરાશ ૪૦ મી.મી. વરસાદ :

**જિલ્લાના ૫ માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યા : ૯ ગામો પ્રભાવિત વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની અપીલ :**



આહવાઃ તાઃ ૨૫ઃ આજે સવારે છ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન, ડાંગ જિલ્લામા સરેરાશ ૪૦ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો છે.

જિલ્લા ફલડ કંટ્રોલ કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, આહવા તાલુકામા ચોવીસ કલાક દરમિયાન ૪૯ મી.મી. (મોસમનો કુલ વરસાદ ૧૮૨૩ મી.મી.), વઘઇનો ૨૫ મી.મી. (કુલ ૧૮૨૯ મી.મી.), સુબિર તાલુકાનો ૨૯ મી.મી. (કુલ ૧૬૮૪ મી.મી.), અને સાપુતારા પંથકનો છેલ્લા ચોવીસ કલાકનો ૫૭ મી.મી. (મોસમનો કુલ ૧૬૫૨ મી.મી.) મળી જિલ્લામા કુલ ૧૬૦ મી.મી. વરસાદ નોંધાતા, અહીં સરેરાશ ૪૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે ડાંગ જિલ્લાનો ચાલુ વર્ષનો મોસમનો કુલ વરસાદ ૬૯૮૮ મી.મી. એટલે કે સરેરાશ ૧૭૪૭ મી.મી. વરસાદ નોંધાઇ ચુક્યો છે. જિલ્લામા નોંધાયેલા વરસાદને પગલે સવારે આઠ વાગ્યાની સ્થિતિએ ડાંગ જિલ્લાના જિલ્લા પંચાયત હસ્તકના પાંચ જેટલા માર્ગો, અને લો લેવલ કોઝ વે ઉપર વરસાદી પાણી ફરી વળતા આ માર્ગો વાહન વ્યવહાર માટે બન્ધ કરાયા છે. જેને લઈને આ વિસ્તારના નવ ગામો પ્રભાવિત થયા છે. જિલ્લાના જે બે માર્ગો અસરગ્રસ્ત થયા છે તેમા વઘઈ તાલુકાના (૧) નાનાપાડા-કુમારબંધ-બોરદહાડ રોડ, અને (૨) માછળી-ચીખલા-દિવડયાવન રોડ સહીત આહવા તાલુકાના (૧) સતી-વાંગણ-કૂતરનાચ્યા રોડ, (૨) બોરખલ-ગાયખાસ-ચવડવેલ રોડ, અને (૩) ભવાનદગડ-ધુલચોંડ-આમસરવલણ રોડ યાતાયાત માટે બન્ધ થવા પામ્યા છે. આ માર્ગો બન્ધ થવાથી વઘઈ તાલુકાના કુમારબંધ, બોરદહાડ, અને ચીખલા ગામો પ્રભાવિત થવા પામ્યા છે. જયારે આહવા તાલુકાના કુતરનાચ્યા, વાંગણ, ચવડવેલ, ગાયખાસ, ધૂલચોંડ, અને આમસરવલણ ગામો પ્રભાવિત થયા છે. વહીવટી તંત્રે વાહનચાલકોને અવરોધાયેલા આ માર્ગોને બદલે સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવાની અપીલ કરી છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

## ભારતીય જનતા પાર્ટી - માલપુર તાલુકો.



આજરોજ ૩ર બાયડ વિધાનસભામાં માલપુર તાલુકા ની મિટિંગ જલારામ મંદિર ખાતે યોજાઈ. આ મિટિંગ માં બાયડ વિધાનસભા ના પ્રભારી હર્ષદભાઈ પટેલ , પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા , માલપુર ભાજપા ના હોદ્દેદારો , તાલુકા સદસ્યો , જિલ્લા સદસ્યો , તાલુકા સદસ્યો , આગેવાનો અને હોદ્દેદારો , કાર્યકર્તાઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા.

## એડવોકેટ એન્ડ સ્પે. પી. પી. ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી, દ્વારા લખેલ દળદાર અને માહિતી સભર પુસ્તક



ધ ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩નું વિમોચન જાણીતા પૂર્વ ન્યાયાધીશ શ્રી આર. આર. ત્રિપાઠીજીના કરકમલો દ્વારા કરવામા આવ્યું હતું.જે બુક આજરોજ કાયદા મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી.ને અર્પણ કરેલ

## લુણાવાડા ના મોતી બાગ પાર્ટી પ્લોટ પર સરકારી યોજના પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી દેશી ગાય માટે માહિતી નો સેમિનાર યોજાયો

મહીસાગર જિલ્લાના લુણાવાડા મોતીબાગ પાર્ટી પ્લોટ પર પ્રાકૃતિક ખેતી અને દેશી ગાય માટે ચાલતા આત્મા પ્રોજેક્ટ માટે જુદાજુદા તાલુકામાં ઓમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પ્રાકૃતિક ખેતી માટે તથા રાસાયણિક ખાતર મુક્ત થવ અને બાગાયતી ખેતી મા લીબું ની ખેતી માટે વિસૃત માહિતી આપવામાં આવી હતી. આ સેમીનાર મા ભેમાભાઈતલાર. સીએન બારીઆ. એસ એમ ખાટ.વિજયભાઈ ખાટ. કાળુભાઈ વણકર.રાકેશ પટેલ.હરિશ પટેલ.કાળુભાઈમાછી, ગુલાબસિહ, લક્ષ્મણચૌહાણ, વિનોદ બારીઆ. ઘણી બધી મોટી સંખ્યામાં ખેડૂતો એ ભાગ લીધો હતો. બધા ખેડૂતો એ પ્રતિજ્ઞા લીધી હતી . આ સેમીનાર મા આત્મા પ્રોજેક્ટ ના અધિકારીઓ. સાધુસંતો. સામજિક કાર્યકર એસ. એમ.ખાટ. વિજયભાઈ તથા. ખેડૂત અગ્રણી ઓ એ માહિતી આપી હતી.

બધા ને લીબું ની ખેતી માટે બધાને લીબું પા છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. રિપોર્ટ.ભીખાભાઈમાછીમહીસાગર.

# GIFT-IFSC માટે એકીકૃત નિયમનકાર એવા IFSCA એ સર કર્યા નવા સીમાચિહ્નો

## IFSCA ની દેખરેખ હેઠળ ૩૦૦ થી વધુ એકમોએ ગિફ્ટ સિટીમાં કામગીરી શરૂ કરી

૨૫મી જુલાઇ, ૨૦૨૨, ગાંધીનગરઃ

ભારત સરકાર દ્વારા ૨૭ એપ્રિલ, ૨૦૨૦ ના રોજ એક વૈધાનિક એકીકૃત નિયમનકારી સત્તા તરીકે ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA) ની સ્થાપના કરવામાં આવી હતી અને ×ભારતમાં ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસિસ સેન્ટર્સમાં નાણાકીય સેવાઓના બજારને વિકસાવવા અને તેનું નિયમન કરવા અને તેની સાથે જોડાયેલી અથવા આકસ્મિક બાબતો માટે× તેને ચાર સ્થાનિક નાણાકીય ક્ષેત્ર RBI, SEBI, IRDAI અને FRDAના નિયમનકારોની સત્તાઓ આપવામાં આવી હતી.

તેના અસ્તિત્વના ટૂંકા ગાળામાં, *IFSCA* એ GIFT-IFSC ને વૈશ્વિક નાણાકીય લેન્ડસ્કેપ પર સફળતાપૂર્વક સ્થાન આપવા માટે વિવિધ પહેલ કરી છે. તેના સિદ્ધાંત-આધારિત નિયમનકારી માળખા સાથે, અત્યંત સલાહકારી અભિગમ સાથે સ્થાપિત અને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ સાથે બેન્ચમાર્ક, પરંપરાગત નાણાકીય વ્યવસાયો, જેમ કે બેંકિંગ, મૂડી બજાર, વીમો, વગેરે સાથે, IFSCA એ IFSC માં વ્યવસાયિક પ્રવૃત્તિઓની લાઇન, જેમ કે ફિનટેક, એરક્રાફ્ટ લીઝિંગ, ગ્લોબલ ઇન-હાઉસ સેન્ટર્સ, ટ્રેડ ફાઇનાન્સિંગ વગેરે વિકલ્પો સક્ષમ કરીને પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન પણ બનાવ્યું છે.

જૂન ૨૦૨૨ સુધીમાં, કુલ ૩૧૦ થી વધુ એકમોએ IFSCA ના નિયમનકારી ક્ષેત્ર હેઠળ તેમની કામગીરી શરૂ કરી છે, IFSCA એ સત્તા સંભાળી ત્યારથી તેમાં ૧૪૦% ની નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. વધુમાં, IFSCA ના નિયમનકારી કાર્યક્ષેત્ર હેઠળની ૨૨ બેંકોએ આશરે ૩૨ બિલિયન યુએસ ડોલરનો એકીકૃત એસેટ બેઝ બનાવ્યો છે. જ્યારે તે આશરે ૨૦૭ બિલિયન યુએસ ડોલર સંચિત બેંકિંગ વ્યવહારોની સુવિધા આપે છે. IFSCમાં ૨ આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જો સામૂહિક રીતે આશરે ૧૧ બિલિયન યુએસ ડોલરનું સરેરાશ દૈનિક ટર્નઓવર સંભાળે છે. આ તમામ મેટ્રિક્સ IFSCA દ્વારા થતી કામગીરીમાં વૈશ્વિકરસને પ્રતિબિંબિત કરે છે, જેને ગ્લોબલ ફાઇનાન્શિયલ સેન્ટર્સ ઇન્ડેક્સ, લંડનમાં તેમના તાજેતરના અહેવાલમાં પણ સ્વીકારવામાં આવ્યું છે, જેમાં GIFT IFSC ને વૈશ્વિક સ્તરે ટોચના ૧૫ કેન્દ્રો પર રેટિંગ આપવામાં આવ્યું છે, જે આગામી ૨ થી ૩ વર્ષમાં વધુ વેગવાન બનવાની શક્યતા છે.

## આનંદવિહાર સોસાયટી ત્રાગડ મુકામે વૈશ્વિક મહામારી સામે યોજાયેલ કોરાના બુસ્ટર ડોજ રસીકરણ નો મહા સેવા સેતુ કાર્યક્રમ



આદરણીય શ્રી આજરોજ તારીખ ૨૩/૦૭/૨૦૨૨ ને શનિવાર ના રોજ વૈશ્વિક મહામારીને નાબૂદ કરવા સંકલ્પબદ્ધ એવા સોસાયટીના ચેરમેન શ્રી કપિલભાઈ બારોટના સહયોગ થી કોરાના બુસ્ટર ડોજ રશીકરણ નો જાહેરહિત સેવા સેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાનો લાભ સોસાયટી તેમજ આજુબાજુના રહેવાશીઓ એ ઉમંગભેર ભાગ લીધેલ હતો. અવાર નવાર આવા જાહેરહિત ના પ્રજાલક્ષી કાર્યક્રમ અમારી સોસાયટીમાં યોજવામાં આવેછે તેનો અમો રહીશો આનંદ અનુભવીએ છીયે.

સારા વ્યક્તિની નોંધ હમેશા સમાજ રાખે છે તમારા સમાચાર પત્ર ના માદયમ દ્વારા સમાજના બીજા કોઈ વ્યક્તિઓનો ઉત્સાહ વધે તે માટે આ નોંધ તમારા સમાચાર પત્રમાં છાપવા અમારા વિસ્તારના તમામ રહીશો વતી હું વિનંતી કરું છું. કે જેથી બીજા કોઈ સેવા સેતુ કાર્યક્રમના આયોજન કરવામાં વ્યક્તિનો ઉમંગ જળવાઈ રહે.

મેઘદૂત ચૌહાણ

# માનનીય વડાપ્રધાન જુલાઈ ૨૯, ૨૦૨૨ ના રોજ ગિફ્ટ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસ સેન્ટર ની મુલાકાત લેશે

ગાંધીનગર, ૨૫મી ૨૦૨૨:

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૯ જુલાઈ, ૨૦૨૨ ના રોજ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી), ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી) ની મુલાકાત લેશે. આ દરમિયાન ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ, માનનીય કેન્દ્રીય વિત્તિય અને કોર્પોરેટ વિષયક મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન, રાજયના નાણાં અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, માનનીય કેન્દ્રીય વિત્તિય અને કોર્પોરેટ રાજ્ય મંત્રી શ્રી ડૉ. ભગવત કિશનરાવ કરાડ અને માનનીય કેન્દ્રીય નાણાં રાજ્ય વિત્તિય મંત્રી શ્રી પંકજ ચૌધરી પણ ઉપસ્થિત રહેશે.

માનનીય વડાપ્રધાન તેમની મુલાકાત દરમિયાન ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર ઓથોરિટી (IFSCA) ના મુખ્યાલયની ઈમારતનો શિલાન્યાસ કરશે, જે ભારતમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રો (IFSCA) માં નાણાકીય ઉત્પાદનો, નાણાકીય સેવાઓ અને નાણાકીય સંસ્થાઓના વિકાસ અને નિયમન માટે એકીકૃત નિયમનકાર છે. IFSCAના મુખ્યાલયની ઈમારતની આઈકોનિક સ્ટ્રક્ચર તરીકે પરિકલ્પના કરવામાં આવી છે, જે અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર તરીકે GIFT-IFSC ની વધતી જતી વિશેષતા અને કદને પ્રતિબિંબિત કરે છે.

માનનીય વડાપ્રધાન GIFT-IFSCમાં ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX) લોન્ચ કરશે. IIBX ભારતમાં સોનાના વિત્તિયકરણને વેગ આપવા ઉપરાંત ગુણવત્તાની ખાતરી સાથે કાર્યક્ષમ ભાવની સુવિધા આપશે.

આનાથી ભારતને વૈશ્વિક બુલિયન માર્કેટમાં તેનું યોગ્ય સ્થાન મેળવવા અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાને પ્રામાણિકતા અને ગુણવત્તા સાથે સેવા આપવા માટે સશક્તિકરણ મળશે. સાથે જ તે એક મુખ્ય ઉપભોક્તા તરીકે વિશ્વ બુલિયનના ભાવને પ્રભાવિત કરવામાં ભારતને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા સક્ષમ બનાવવાની ભારત સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

માનનીય વડાપ્રધાન NSE IFSC-SGX કનેક્ટ પણ લોન્ચ કરશે. આ કનેક્ટ હેઠળ સિંગાપોર એક્સચેન્જ લિમિટેડ (SGX) ના સભ્યો દ્વારા મૂકવામાં આવેલા NIFTY ડેરિવેટિવ્ઝ પરના તમામ ઓર્ડર્સ NSE-IFSC ઓર્ડર મેચિંગ અને ટ્રેડિંગ પ્લેટફોર્મ પર રૂટ કરવામાં આવશે અને મેચ કરવામાં આવશે. આ કનેક્ટ GIFT-IFSC પર ડેરિવેટિવ માર્કેટ્સમાં તરલતાને વધુ સ્પષ્ટ કરશે, વધુ આંતરરાષ્ટ્રીય સહભાગીઓને લાવશે અને GIFT-IFSCમાં નાણાકીય ઈકો-સિસ્ટમ પર હકારાત્મક અસર કરશે. ભારતમાંથી બ્રોકર-ડીલર્સ અને સમગ્ર આંતરરાષ્ટ્રીય અધિકાર ક્ષેત્રો સાથે જોડાણ દ્વારા ડેરિવેટિવ્ઝના વેપાર માટે મોટી સંખ્યામાં ભાગ લેવાની અપેક્ષા છે.માનનીય વડાપ્રધાનની આ મુલાકાત દરમિયાન અન્ય કેટલીક મહત્વની જાહેરાતો પણ કરવામાં આવશે.

## આહવા તાલુકાના માનવ મુત્યુના ૨ કેસના વારસદારોને ચેક વિતરણ કરાયા



આહવા : તા : ૨૫ : ડાંગ જિલ્લામા ગત દિવસોમા મુશળધાર વરસાદના કારણે નદીઓમા પુરની પરિસ્થિતિનુ નિર્માણ થયુ હતુ. આ પુરમા ઘરવખરીનો સામાન, પશુ તેમજ માનવ મુત્યુથી ભારે નુકસાન થવા પામ્યુ હતુ.ભારે વરસાદને કારણે ડાંગ જિલ્લામા અત્યાર સુધી કુલ ૭ જેટલા માનવ મુત્યુના કેસો નોંધાયા છે. જેમા રાજ્ય સરકાર દ્વારા સંવેદના દાખવી તાત્કાલિક ધોરણે મુત્યુ પામનાર વ્યક્તિઓના વારસદારોને સહાયની ચુકવણી કરવામા આવી રહી છે.દરમિયાન આજે આહવા તાલુકાના ૨ માનવ મુત્યુના કેસમા (કડમાળ અને હારપાડા) તેમના વારસદારોને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઇ ગાવિત, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી, આહવા તાલુકા પંચાયત સદસ્ય શ્રી સુરેશભાઈ ચૌધરી, સામાજિક આગેવાન શ્રી હીરાભાઈ રાઉતની ઉપસ્થિતમા વ્યક્તિ દીઠ ચાર ચાર લાખની સહાયના ચેકનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. આ અગાઉ પણ માનવ મૃત્યુના એક કેસમા રૂ.૪ લાખની સહાય તેના પરિવારને ચૂકવી દેવામા આવી છે. આમ, આહવા તાલુકામા આજદિન સુધી નોંધાયેલા કુલ ત્રણેય કેસોમા સહાયની ચુકવણી કરી દેવામા આવી છે.આ પ્રંસગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઇ ગાવિતે જણાવ્યુ હતુ કે, ૧૧ અને ૧૨ જુલાઈના રોજ જિલ્લામા ભારે થી અતિભારે વરસાદ વરસી જતા નદીઓમા પુરની પરિસ્થિતિનુ નિર્માણ થયુ હતુ. જેમા માનવ મુત્યુના બનાવો પણ બન્યા હતા. જે અંગે આગેવાનો દ્વારા માહિતી મેળવી તાત્કાલિક સહાય આપવાની કામગીરી હાથ ધરવામા આવી રહી છે. આવા પ્રંસગે સરકાર તાત્કાલિક ધોરણે નિર્ણય લઈ કામ કરે છે, જે આવકારદાયક છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# અમદાવાદ આહીર સમાજ (અમદાવાદ-ગાંધીનગર)ના નવનિયુક્ત પ્રમુખ તરીકે ભીમશીભાઈ ખોડભાયાની નિમણૂક

તારીખ ૨૪-૦૭-૨૦૨૨, રવિવારના રોજ શ્રી અમદાવાદ આહીર સમાજ (અમદાવાદ-ગાંધીનગર) ની ૨૦૨૧ -૨૨ વાર્ષિક સાધારણ સભા ચછ્ય્સ ૨૦૨૧-૨૨ પ્રમુખ શ્રી કલ્પેશભાઈ કાતરીયાના અધ્યક્ષ સ્થાને, ગીર રજવાડી રેસ્ટોરન્ટ-અમદાવાદ ખાતે યોજાઇ હતી. જેમાં પૂર્વ પ્રમુખશ્રીઓ, દાતાશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, આજીવન સભ્યશ્રીઓ, તેમજ સમાજ શ્રેષ્ઠીઓએ હાજરી આપી હતી.



વાર્ષિક સાધારણ સભામાં ૨૦૨૦-૨૧ની પ્રમુખશ્રી અને તેમની કરોબારીની ટિમ દ્વારા કરવામાં આવેલા કાર્યો તેમજ સમાજના વિવિધ પ્રશ્નોને લઈને ચર્ચા કરવામાં આવી હતી. નવા વર્ષની કારોબારી ૨૦૨૨-૨૩ની રચના પ્રમુખશ્રીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી, જેમાં ભીમશીભાઈ ખોડભાયાને નવનિયુક્ત પ્રમુખ તરીકે અને કરશનભાઈ ભોચીયા અને શ્રીપ્રતાપભાઈ ડેરને ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.

આ તકે મંત્રી તરીકે રણજીતભાઈ પાડા તેમજ સહમંત્રી તરીકે અશોકભાઈ પરડવા, લખુભાઈ જોગલ, ભાર્ગવભાઈ બલદાણીયા, અશોકભાઈ ચંદ્રવાડીયા, સંજયભાઈ છૈયા તેમજ ખજાનચી તરીકે પ્રવિણભાઈ ભાદરકા, સહ ખજાનચી તરીકે રમેશભાઈ લાડુમોરની વરણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત સરકાર માં ઉપસચિવ (બંદર અને વાહન વ્યવહાર વિભાગ) તરીકે બઢતી મળેલ શ્રી લખુભાઈ જોગલ તેમજ ગુજરાત જાહેર આરોગ્ય વહીવટી વિભાગ વર્ગ-૨ ના પ્રમુખ શ્રી ડૉ ભરતભાઈ ઝાલા નું સન્માંન કરવામાં આવ્યું હતું. નવનિયુક્ત પ્રમુખ ભીમશીભાઈ ખોડભાયા અને નવી ટીમને શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે.

બ્રિજેશ ભેડા

# પ્રજાપતિ સમાજ નું ગૌરવ.....

બારેશી (સા.કાઠા અરવલ્લી)

અરવલ્લી સા કા પ્રજાપતિ ફન ચેતન કુમાર મૂળ વતન હુંજ હાલ રહેવાસી હિંમતનગર જેઓ પોતાના અભ્યાસ ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરવા માટે ગ્રીફીથ યુનિવર્સિટી કવીસલેન્ડ ઓસ્ટ્રેલિયા ખાતે ગયા જ્યાંથી માસ્ટર ઓફ સિવિલ એન્જી અને મા.ઓફ સિ . એન્જી પ્રોજેક્ટ મેનેજમેન્ટ ડબલ માસ્ટર ડીગ્રી મેળવી સમગ્ર પ્રજાપતિ સમાજ અને પરિવાર ને ગૌરવ અપાવ્યું છે પ્રજાપતિ ફન ના પિતા શ્રી એક શિક્ષક



એટલે કેળવણીકાર છે જ્યારે માતૃશ્રી છાયાબેન સરકારી નોકરી કરે છે ફન ના દાદાશ્રી સો.ના.પ્રજાપતિ સાહેબ રીટાયડે આચાર્યછે વિદેશ ની ધરતી પર ભારતમાતા ના સંતાન ફન એ ડબલ ડબલ માસ્ટર ડીગ્રી મેળવતા શ્રવણ સુખધામ સંસ્થા ના આદ્યસ્થાપક અને અબોલ જીવ સેવા ના ભેખધારી નારી રત્ન ઈન્દુ એસ કે પ્રજાપતિ એ ખુબ ખુબ શુભેચ્છાઓ સાથે અંતરના ઊંડાણથી આશિષ પાઠવી કુંભાર રત્ન એવોર્ડ થી સન્માનિત કરવાનું જાણાવ્યું છે સાથે સાથે સો.ના પ્રજાપતિ સાહેબ ઈન્દુ એસ કે પ્રજાપતિ ના ગુરુ અને મોટાંભાઈ રહેલા છે.

રીપોર્ટ.... હિરેન પ્રજાપતિ. અરવલ્લી.સા.કા

## પર્યુષણ પર્વ નિમિતે તા.૨૪/૦૮/૨૦૨૨ થી ૧૧/૦૯/૨૦૨૨ સુધી સમગ્ર રાજ્યમાં કતલખાનાઓ બંધ રાખવા, માંસ મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ બંધ રાખવા અંગે એનીમલ હેલ્પલાઈનની રજૂઆત

જૈન ધર્મના અતિ પવિત્ર તહેવાર પર્યુષણ આગામી તા. ૨૪/૦૮/૨૦૨૨ થી ૩૧/૦૮/૨૦૨૨ અને ૩૧/૦૮/૨૦૨૨ થી ૧૧/૦૯/૨૦૨૨ સુધી હોય, દર વર્ષની જેમ આ વર્ષે પણ તમામ કતલખાના બંધ રાખવા, કતલ કરવા પર રોક લગાવી, માંસ મટન,ચીકન,મચ્છીના વેચાણ ઉપર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા એનીમલ હેલ્પલાઈન દ્વારા ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે.

તંત્ર દ્વારા દર વર્ષે આ અંગેનું જાહેર નામું બહાર પાડવામાં આવે છે. આ વર્ષે પણ ગુજરાતનાં દરેક જીલ્લા, શહેર અને ગામમાં સત્વરે જાહેરનામું બહાર પડાવી કાયદેસર અને ગેરકાયદેસર ચાલતા કતલખાનાઓ, માંસની દુકાનો પર પ્રતીબંધીત આદેશ બહાર પડાવવાની રજૂઆત ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં મિતલ ખેતાણી તથા એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી, ઘનશ્યામભાઈ ઠકકર, ધિરેન્દ્ર કાનાબાર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રમેશભાઈ ઠક્કર, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ દ્વારા કરવામાં આવી છે



મહારાષ્ટ્ર ના ફેમસ સ્ટાર ગોલ્ડનમેન સન્ની વાગચોરે અને સંજય ગુજર બંને અમદાવાદ ખાતે આવેલ અને ગુંજનભાઈ પ્રજાપતિ ગાંધીનગર જીલ્લા વિધાનસભા સહ સંગઠન મંત્રી આમ આદમી પાર્ટી સાથે મુલાકાત કરી વૈષ્ણવદેવી મંદિરે દર્શન સાથે કરેલ



રાષ્ટ્રીય ગૌ રક્ષા વાહિની ગૌસેવા સંઘ હરિયાણા રાજ્ય કાર્યકારિણીની બેઠક રોહતક ઈજીજી કાર્યાલયમાં મળી હતી. આ બેઠકમાં સંગઠનના રાષ્ટ્રીય મંત્રી ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા (ગજ્જુ બાબા) સહિત રાજ્યના મુખ્ય અધિકારીઓ સામેલ થયા હતા. પ્રદેશ પ્રમુખ શ્રીમતી કમલેશ મલિક ઓસ્ટ્રેલિયામાં હોવાથી આદરણીય શ્રીમતી સરલા બલહારા જી (કાર્યકારી પ્રદેશ પ્રમુખ) ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. કાર્યક્રમનું સંકલન રાજ્ય પ્રભારી શ્રી મંગળદાસ પુરીએ કર્યું હતું. રાજ્યના અન્ય આદરણીય અધિકારીઓએ ગાય વંશની સમસ્યાના નિરાકરણ માટે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા અને તેના ઉકેલ માટે પ્રયાસો કરવા સંકલ્પ લેવામાં આવ્યો હતો. બેઠકમાં શ્રીમતી પૂજા કૌશિક, શ્રીમતી કમલેશ રાણા, શ્રીમતી સરોજ બાલા, રાજ્ય સચિવ શ્રી સાધુરામ, શ્રીમતી કવિતા ઈન્દોરા, વિકાસ મિશ્રા, શ્રીમતી પૂનમ તિવારી, શ્રી તારાચંદ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓને અભિનંદન.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.